અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ જુલાઈ ૨૦૨૪, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ વદ ૩

વર્ષ : ૧૫
અંક : ૩૫૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## નવી પેન્શન સ્કીમ પર નાણામંત્રી નિર્મલા સીતારમણની મોટી જાહેરાત

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે નવી પેન્શન સ્કીમ પર છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા વિવાદ વચ્ચે મોટી જાહેરાત કરી છે. સરકારી કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી ઓલ્ડ પેન્શન સ્કીમ ફરી અમલી કરવાની માગ કરી રહ્યા છે ત્યારે નિર્મલા સીતારમણે સરકારી કર્મચારીઓના હિતમાં નવી પેન્શન સ્કીમની ફરી સમીક્ષા કરવાની બજેટ ૨૦૨૪માં જાહેરાત કરી છે. નાણાંમંત્રીએ જણાવ્યુ કે નવી પેન્શન સ્કીમને લઈને ચાલી રહેલા વિવાદના સમાધાન માટે એક કમિટી બનાવવામાં આવશે. જેમા તમામ કર્મચારીઓની રજૂઆતને ધ્યાને રાખઈ ફેરફાર કરવામાં આવશે.નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) એ રોકાણ અને પેન્શન માટેની સારામાં સારી સ્કીમ છે. આ સ્કીમમાં અત્યાર સુધી ૨ લાખ રૂપિયા સુધીની આવકવેરા કપાત મળે છે. આ કપાત ઈક્મ ટેક્સની કલમ ૮૦ઝ અંતર્ગત ૧.૫૦ લાખ રૂપિયા અને 80CCD(1B) અંતર્ગત ૫૦ હજાર રૂપિયાની છે. મહત્વપૂર્ણ છે કે જૂની ટેક્સ સિસ્ટમ હેઠળ જ ૨ લાખ રૂપિયા સુધીની કપાત ઉપલબ્ધ છે. ખરેખર, સરકાર NPSને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહી છે. તાજેતરમાં, કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓની જૂની પેન્શન (OPS)ની માંગને લઈને NPS હેઠળ પેન્શન વધારવાની વાત કરી છે. કેન્દ્રીય કર્મચારીઓની માંગ છે કે તેમને ઓલ્ડ પેન્શન સ્કીમનો લાભ આપવામાં આવે. તો સરકારનું કહેવુ છે કે તે જૂની પેન્શનની માંગને પૂરી ન કરી શકે પરંતુ એ કર્મચારીઓને તેમના છેલ્લા પગારની ૫૦ ટકા રકમ પેન્શન તરીકે આપી શકે છે, જેઓ NPSમાં નોંધણી કરશે અને તેમાં રોકાણ કરશે. સરકારનું કહેવું છે કે આ સાથે કર્મચારીઓને તેમના જૂના પેન્શન જેટલું જ પેન્શન મળશે. આ કેન્દ્ર સરકારની યોજના છે. જેમા સરકારી તેમજ ખાનગી કંપનીઓના કર્મચારીઓ પણ આમાં રોકાણ કરી શકે છે. આ લાંબા ગાળાની યોજના છે. આમાં રોકાણ કરીને તમે મોટું ફંડ તૈયાર શકો છો. સાથે જ રિટાયરમેન્ટ પછી પેન્શન પણ મળે છે. ૧૮ વર્ષથી ૭૦ વર્ષની વચ્ચેની કોઈપણ વ્યક્તિ તેમાં રોકાણ કરી શકે છે. આમાં વ્યક્તિએ એક નિશ્ચિત સમય માટે રોકાણ કરવાનું હોય છે. તમે કોઈપણ બેંકમાં જઈને આ સ્કીમ સંબંધિત માહિતી મેળવી શકો છો. વધુ માહિતી માટે સત્તાવાર વેબસાઈટ npstrust.org.in અથવા પોસ્ટ ઓફિસ વેબસાઈટ indiapost.gov.in પર જાઓ. આ યોજનામાં જેટલી રકમ જમા થાય છે, એ તમામ રકમ એકસાથે નથી મળતી. કુલ ફંડમાંથી, તમને ઓછામાં ઓછા ૪૦ ટકા ફન્ડની એન્યુટી મળે છે. એન્યુટી(વાર્ષિકી)નો મતલબ એ છે કે આ રકમમાંથી જ ૬૦ વર્ષની ઉમર બાદ પેન્શન શરૂ થશે. ધારો કે તમે ૬૦ વર્ષની ઉંમર સુધીમાં રૂ. ૧ કરોડનું ભંડોળ બનાવી લો છો. આવી સ્થિતિમાં, તમને એકસાથે ૬૦ લાખ રૂપિયા મળશે અને ૪૦ લાખ રૂપિયામાંથી તમને દર મહિને પેન્શન આપવામાં આવશે.



### દેશની આર્થિક પ્રગતિ સાચા માર્ગ પર છે : નાણામંત્રી

# કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ બજેટ રજૂ કર્યું

### યુવાનોને દર મહિને ૫૦૦૦ રૂપિયાનું ભથ્થું પણ આપવામાં આવશે નાણામંત્રીએ આવકવેરાના સ્લેબમાં મોટા ફેરફારોની જાહેરાત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ બજેટ રજૂ કર્યું છે. નિર્મલા સીતારમણે બજેટમાં અનેક મહત્ત્વની જાહેરાતો કરી છે. ઉલ્લેખનીય છે કે બજેટ રજૂ કરતા દરમિયાન નાણામંત્રીએ કહ્યું હતું કે સરકારનું ધ્યાન 'ગરીબો, મહિલાઓ, ખેડૂતો અને યુવાનો પર છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે આવકવેરાના સ્લેબમાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. હવે સ્ટાન્ડર્ડ ડિડક્શન લિમિટ ૫૦ હજાર રૂપિયાથી વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવી છે. આ સિસ્ટમમાં ૩ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ લાગશે નહીં. ૩ થી ૭ લાખ રૂપિયાની આવક પર ૫ ટકા ટેક્સ ચૂકવવો પડશે. જો આવક ૭ થી ૧૦ લાખ રૂપિયા હોય તો ૧૦ ટકાના દરે ઈક્મ ટેક્સ વસૂલવામાં આવશે. ૧૦ થી ૧૨ લાખની કરપાત્ર આવક પર ૧૫ ટકાના દરે ટેક્સ વસૂલવામાં આવશે. તેમજ ૧૨ થી ૧૫ લાખની કરપાત્ર આવક પર ૨૦ ટકા ટેક્સ ભરવો પડશે. આ ઉપરાંત ૧૫ લાખથી વધુની કરપાત્ર આવક પર ૩૦ ટકાના દરે ટેક્સ વસૂલવામાં આવશે.

#### નાણામંત્રીએ MSME માટે ક્રેડિટ ગેરંટી સ્કીમની જાહેરાત કરી

**આ યોજના હેઠળ ૧૦૦ કરોડ રૂપિયા સુધીની લોન મળશે. PSU અને બેંકોને આંતરિક આકારણી બાદ MSMEને લોન આપવાનો નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત મુદ્રા લોનની મર્યાદા ૧૦ લાખ કરોડ રૂપિયાથી વધારીને ૨૦ લાખ કરોડ રૂપિયા કરવામાં આવી છે. MSMEને મદદ કરવા SIDBI શાખાઓ વધારશે. નાણામંત્રીએ PM અર્બન હાઉસિંગ પ્લાન માટે ૧૦ લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. નાણામંત્રીએ કહ્યું કે રેન્ટલ હાઉસિંગને પ્રોત્સાહન અને રેગ્યુલેશન કરવા માટે નિયમો બનાવવામાં આવશે. સ્ટેમ્પ ડ્યુટી ઘટાડનારા રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે. એનર્જી ટ્રાંન્જિશન માટે નવી નીતિ લાવવામાં આવશે. એક કરોડ ઘરો માટે પીએમ સૂર્યઘર મફત વીજળી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. મહિલાઓના નામની નોંધણી પર સ્ટેમ્પ ડ્યુટીમાં રાહતનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નાના ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ખાનગી ક્ષેત્રના સહયોગથી બનાવવામાં આવશે. મહિલાઓ અને છોકરીઓને લાભ આપતી યોજનાઓ માટે ૩ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકની ૧૦૦ થી વધુ શાખાઓ ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં સ્થાપિત કરવામાં આવશે. રાષ્ટ્રની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલાવરમ સિંચાઈ યોજના પૂર્ણ કરવામાં આવશે. વિશાખાપટ્ટનમ-ચેન્નાઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં કોપર્થી વિસ્તાર અને હૈદરાબાદ-બેંગલુરુ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં ઓરવાકલ વિસ્તારના વિકાસ માટે ફંડ આપવામાં આવશે. કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ માં દર વર્ષે ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓની મદદ માટે મોડેલ સ્કીલ લોન યોજનામાં સુધારાનો પ્રસ્તાવ મૂકાયો છે. ઘરેલુ સંસ્થાનોમાં હાયર એજ્યુકેશન માટે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન માટે ઈ વાઉચર દર વર્ષે ૧ લાખ વિદ્યાર્થીઓને સીધી લોન રકમના 3%ની વાર્ષિક વ્યાજ છૂટ માટે અપાશે.**

ભારતની આર્થિક પ્રગતિ સાચા માર્ગ પર છે. ભારતનો ફુગાવો નીચો અને સ્થિર છે. ભારતમાં ફુગાવાનો દર ૪ ટકાના લક્ષ્ય તરફ છે. ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સરખામણીમાં ઘણી સારી સ્થિતિમાં છે.

સરકારનું ધ્યાન ગરીબો, મહિલાઓ, ખેડૂતો અને યુવાનો પર છે તેમજ રોજગાર સર્જનની તકો પર પણ ધ્યાન કેન્દ્રિત છે. રોજગારીની તકો માટે ૫ યોજનાઓ જાહેર કરવામાં આવી છે. વચગાળાના બજેટમાં અમે વિકસિત ભારત માટે રોડમેપનું વચન આપ્યું હતું. સરકારે રોજગાર માટે ૨ લાખ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં કહ્યું હતું કે 'સરકાર આગામી પાંચ વર્ષમાં ટોપ-૫૦૦ કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઈન્ટર્નશિપની તક આપશે. આ ઈન્ટર્નશિપ ૧૨ મહિના માટે હશે. આમાં, યુવાનોને વ્યવસાયના વાસ્તવિક વાતાવરણને જાણવાની અને વિવિધ વ્યવસાયોના પડકારોને જાણવાની તક મળશે.

આ અંતર્ગત યુવાનોને દર મહિને ૫૦૦૦ રૂપિયાનું ભથ્થું પણ આપવામાં આવશે. આટલું જ નહીં, તેમને છ હજાર રૂપિયા એકમુશ્ત મદદ તરીકે આપવામાં આવશે. કંપનીઓએ તેમની કોર્પોરેટ સામાજિક જવાબદારીના ભાગરૂપે તાલીમ ખર્ચ અને ૧૦ ટકા ઈન્ટર્નશિપ ખર્ચ સહન કરવો પડશે.

નાણામંત્રીએ દેશના પૂર્વના રાજ્યોના વિકાસ માટે પૂર્વોદય યોજનાની જાહેરાત કરી છે. કેન્દ્રએ બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્ર પ્રદેશના વિકાસ માટે પૂર્વોદય યોજનાની જાહેરાત કરી છે. આ અંતર્ગત માનવ સંસાધન વિકાસ અને મૂળભૂત વિકાસ પર ધ્યાન આપવામાં આવશે. આ યોજનામાં બિહાર માટે ઘણી ભેટની જાહેરાત કરાઈ છે. અમૃતસર-કોલકાતા ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર હેઠળ ગયામાં એક ઔદ્યોગિક કેન્દ્ર બનાવવામાં આવશે. સાંસ્કૃતિક કેન્દ્રોને આધુનિક આર્થિક કેન્દ્રો તરીકે વિકસાવવામાં આવશે. આ મોડલનું નામ હશે 'વિકાસ ભી વિરાસત ભી'.

ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે આ વખતે બજેટમાં ૧.૫૨ લાખ કરોડની મસમોટી જાહેરાત કરવામાં આવી છે. આ ફંડની મદદથી કૃષિ ક્ષેત્રને બને તેટલો ફાયદો પહોંચાડવાનો પ્રયાસ કરાશે. ખેતીની ઉત્પાદકતા વધારવા માટે પગલાં લેવામાં આવશે. વધારે ઉપજ આપતા પાકની જાતો (પ્રકાર)નો ઉપયોગ કરવામાં આવશે.

સંશોધનને પ્રોત્સાહ આપવામાં આવશે. સરકાર કુદરતી ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરશે. પાકના ઉત્પાદન, સંગ્રહ અને માર્કેટિંગ માટેની વ્યવસ્થા કરવામાં આવશે. શિક્ષણ અને કૌશલ્ય માટે રૂ. ૧.૪૮ લાખનો ખર્ચ થશે. શાકભાજીના ઉત્પાદન અને સપ્લાય ચેઈન માટે ક્લસ્ટર બનાવવામાં આવશે. ૪૦૦ જિલ્લામાં પાકનો સર્વે કરવામાં આવશે તેમજ ૩૨ પાકોની ૧૦૯ નવી જાતો રજૂ કરવામાં આવશે.

## નિર્મલા સીતારમણે દેશના સામાન્ય નાગરિકોને મોટી ભેટ આપી

આજે મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પહેલું બજેટ રજૂ થવા જઈ રહ્યું છે. દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણ સાતમી વાર બજેટ રજૂ કરી રહ્યા છે અને સાથે રેકોર્ડ બનાવી રહ્યા છે. બજેટને લઈને લોકોને અનેક આશા છે. નાણામંત્રીના પટારામાંથી તેમના માટે શું નીકળશે તેની રાહત દરેક સેક્ટરના લોકો જોઈ રહ્યા છે. આજનું બજેટ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો પાયો નાંખશે. ત્યારે બજેટ દરમિયાન નિર્મલા સીતારમણે મોટી જાહેરાત કરી છે. તેમણે પીએમ આવાસ યોજના અંતર્ગત ૩ કરોડ નવા મકાન બનાવી આપવાની જાહેરાત કરી છે.

#### બજેટની મહત્વની જાહેરાતો

- પીએમ આવાસ યોજના હેઠળ ૩ કરોડ નવા મકાનોની જાહેરાત
- મહિલા સંબંધિત યોજનાઓ માટે ૨૩ લાખ કરોડ ફાળવવામાં આવ્યા છે
- ગ્રામીણ વિકાસ, ઈન્ફ્રા માટે ૨૨.૬૬ લાખ કરોડ મંજૂર
- સ્જીસ્ઈ ને મદદ કરવા માટે ધિરાણ, નિયમનકારી ફેરફારોની જાહેરાત
- મેન્યુફેક્ચરિંગમાં સ્જીસ્ઈ માટે ક્રેડિટ ગેરંટી સ્કીમની જાહેરાત
- સ્જીસ્ઈ ક્રેડિટ ગેરંટી સ્કીમ હેઠળ ગીરો વગર લોન ઉપલબ્ધ થશે
- પીએમ અર્બન હાઉસિંગ પ્લાન માટે ૨૧૦ લાખ કરોડની જાહેરાત
- રેન્ટલ હાઉસિંગના પ્રચાર અને નિયમન માટે નિયમો બનાવશે
- સ્ટેમ્પ ડ્યુટી ઘટાડનારા રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે
- ઊર્જા સંક્રમણ માટે નવી નીતિ લાવવામાં

### બજેટમાં નીતીશ કુમારનું બિહાર અને ચંદ્રબાબુ નાયડુનું આંધ્રપ્રદેશ છવાયેલું રહ્યું છે

# પ્રથમ નોકરીવાળાને ૧૫ હજાર, ૧ કરોડ મકાન, ટેક્સ છૂટ

મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ બજેટ આવી ગયું છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે ૨૦૨૪-૨૫ માટે બજેટ રજૂ કર્યું હતું. બજેટની શરૂઆત કરતા નિર્મલા સીતારમણે કહ્યું કે લોકોએ મોદી સરકાર પર ભરોસો વ્યક્ત કર્યો છે. બજેટમાં નીતીશ કુમારનું બિહાર અને ચંદ્રબાબુ નાયડુનું આંધ્રપ્રદેશ છવાયેલું રહ્યું છે. બંને રાજ્યોને ઘણી ભેટ મળી છે. બિહારમાં ૪૦ હજાર કરોડ રૂપિયા તો આંધ્રમાં ૧૫ હજાર કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કેન્દ્ર સરકાર કરવા જઈ રહી છે.

આ વખતે બજેટમાં નોકરીઓ અને સ્કિલ ડેવલોપમેન્ટ પર પણ ફોક્સ રહ્યો છે. સરકારે નોકરીઓ વધારવા માટે કંપનીઓને ઈન્સેન્ટિવ આપવાની પણ જાહેરાત કરી છે. આ સિવાય એક કરોડ ગરીબ પરિવારોને ઘર આપવાનો વાયદો પણ કરવામાં આવ્યો છે. ઈક્મ ટેક્સને લઈને પણ મોટી જાહેરાત કરવામાં આવી છે. નવી ટેક્સ રિજિમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જૂની ટેક્સ રિજિમમાં કંઈ જ ફેરફાર થયો નથી.

#### કોને-કોને શું મળ્યું આજે ?

**ખેડૂતઃ** નેચરલ ફાર્મિંગ પર જોર આપવામાં આવ્યું છે. બે વર્ષમાં ૧ કરોડ ખેડૂતોને નેચરલ ફાર્મિંગમાં મદદ કરવામાં આવશે. ૩૨ પાકોની ૧૦૯ જાતો લાવવામાં આવશે. પાકોનો ડિજિટલ સર્વે થશે. ૬ કરોડ ખેડૂતો અને તેમની જમીનોને રજિસ્ટ્રીમાં નોંધાવવામાં આવશે. ૨૦૨૪-૨૫માં કૃષિ અને તેની સાથે જોડાયેલા સેક્ટર માટે ૧.૫૨ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

**નોકરીઓઃ** રોજગાર માટે ત્રણ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. પ્રથમ જોબમાં ૧ લાખ રૂપિયાથી ઓછી સેલેરી હોવા પર ઈપીએફઓમાં પ્રથમ વખત રજિસ્ટર કરનારને ૧૫ હજાર



રૂપિયાની મદદ સરકાર કરશે. તેનાથી ૨.૧૦ કરોડ યુવાઓને ફાયદો થશે. રોજગાર આપવા પર સરકાર ઈન્સેન્ટિવ આપશે. ૧ લાખ રૂપિયાથી ઓછી સેલેરીવાળા કર્મચારીઓ રાખવા પર સરકાર નિમણૂંક કરનાર એમ્પ્લોયરના EPFO અંશદાનમાં દર મહિને ૩ હજાર રૂપિયા આપશે.

**શિક્ષણઃ** મોડલ સ્કિલ લોન સ્કીમને સંશોધિત કરવામાં આવશે. જેનાથી ૭.૫ લાખ સુધીની લોન મળશે. સમગ્ર હાયર એજ્યુકેશન માટે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન મળશે. લોન પર ૩ ટકાનું વ્યાજ સરકાર આપશે. લોન પર ૩ ટકાનું વ્યાજ સરકાર આપશે. તેના માટે ઈ-વાઉચર્સ આવશે, જે દર વર્ષે એક લાખ વિદ્યાર્થીઓને મળશે.

**મહિલાઓઃ** મહિલાઓ અને બાળકોને લાભ પહોંચાડનારી યોજનાઓ માટે ૩ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા. વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવામાં આવશે. હોસ્ટેલ અને ક્રેચની સુવિધાઓથી વર્કફોર્સમાં મહિલાઓની ભાગીદારી વધારવામાં આવશે.

**બિહારઃ** ૨૬ હજાર કરોડના ખર્ચથી પટના-પૂર્ણિયા એક્સપ્રેસવે, બક્સર-ભાગલપુર એક્સપ્રેસવેનો વિકાસ થશે. બક્સરમાં ગંગા-નદી પર ૨ લેન વાળો નવો પુલ બનશે. ૨૧,૪૦૦ કરોડના ખર્ચથી વિદ્યુત પરિયોજનાઓ શરૂ થશે. પુરથી બચવા માટે ૧૧,૫૦૦ કરોડ રૂપિયા આપવામાં આવશે. નવું એરપોર્ટ, મેડિકલ અને સ્પોર્ટ્સ પ્રોજેક્ટ શરૂ થશે.


**આંધ્રપ્રદેશઃ** ૧૫ હજાર કરોડ રૂપિયાનું સ્પેશિયલ પેકેજ મળશે. પોલાવરમ સિંચાઈ પરિયોજનાને ઝડપથી પૂરી કરવામાં આવશે. વિશાખાપટ્ટનમ-ચેન્નાઈ ઈકોનોમિક કોરિડોરમાં કોપ્પાથી ક્ષેત્ર અને હૈદરાબાદ-બેંગલુરુ ઈકોનોમિક કોરિડોરમાં ઓરવાકલ ક્ષેત્રમાં પાણી, વીજળી, રેલવે અને રસ્તાઓ માટે ફન્ડ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**ઉદ્યોગઃ** મુદ્રા યોજના અંતર્ગત લોનની સીમા ૧૦ લાખથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી છે. ખરીદનારાઓને ટ્રેડર્સ પ્લેટફોર્મમાં સામેલ કરવા માટે કારોબારની સીમા ૫૦૦ કરોડથી ઘટાડીને ૨૫૦ કરોડ કરવામાં આવી છે. એમએસએમઈ સેક્ટરમાં ૫૦ મલ્ટી-પ્રોડક્ટ ફૂડ ઈરેડિએશન યુનિટ સ્થાપિત કરવા માટે નાણાંકીય સહાયતા આપવામાં આવશે. સ્જીસ્ઈ તેના ઉત્પાદનોને ઈન્ટરનેશનલ બજારોમાં વેચી શકે તેના માટે PPP મોડમાં ઈ-કોમર્સ એક્સપોર્ટ હબ તૈયાર કરવામાં આવશે.

**ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ** અમૃતસર-કોલકાતા ઈકોનોમિક કોરિડોર પર ગયામાં ઔદ્યોગિક કેન્દ્રનો વિકાસ થશે. પીએમ ગ્રામ સડક યોજનાનો ફેઝ-૪ શરૂ થશે, જેના અંતર્ગત ૨૫ હજાર ગ્રામીણ વસવાટોમાં રસ્તાઓ બનાવવામાં આવશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૧૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયા ખર્ચ થશે.

**યુવાઃ** ટોપ ૫૦૦ કંપનીઓમાં આગામી પાંચ વર્ષમાં ૧ કરોડ યુવાઓને ઈન્ટર્નશીપ કરવાની તક મળશે. પ્રધાનમંત્રી પેકેજ અંતર્ગત યુવાઓને ૧૨ મહિનાની ઈન્ટર્નશીપમાં ૫ હજાર રૂપિયાનું દર મહિને ભત્તુ અને ૬ હજાર રૂપિયાની સહાય કરાશે.

### આ અમારી સરકારની ઓળખ રહી છે અને આજનું બજેટ તેને વધુ મજબૂત કરે છે : વડાપ્રધાન મોદી



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટ ૨૦૨૪ માટે તમામ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. તેમણે કહ્યું કે નાણામંત્રી નિર્મલા સીતારમણ અને તેમની ટીમ અભિનંદનને પાત્ર છે. તેમણે કહ્યું, "આ બજેટ એવું બજેટ છે જે સમાજના દરેક વર્ગને શક્તિ આપશે. આ બજેટ દેશના ગામડાઓ, ગરીબો અને ખેડૂતોને સમૃદ્ધિના માર્ગ પર લઈ જશે. છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. આ નવો મધ્યમ વર્ગ રચાયો છે, આ બજેટ તેમના સશક્તિકરણને ચાલુ રાખવાનું બજેટ છે.'પીએમ મોદીએ કહ્યું, "આ એક એવું બજેટ છે જે યુવાનોને અગણિત નવી તકો આપશે. આ બજેટ શિક્ષણ અને કૌશલ્યોને નવો સ્કેલ આપશે. આ એ બજેટ છે જે મધ્યમ વર્ગને નવી તાકાત આપશે. તે આદિવાસી સમાજ, દલિતો અને પછાત વર્ગના લોકોની સશક્તિકરણ માટે મજબૂત યોજનાઓ સાથે આવ્યું છે બજેટ. આ બજેટ મહિલાઓની આર્થિક ભાગીદારીને સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.**

### બજેટ ૨૦૨૪માં આદિવાસીઓ માટે મોટી જાહેરાત કરાઇ

**કેન્દ્રીય બજેટ રજૂ કરતા નાણામંત્રી નિર્મલા સીતારમણે અનેક મોટી ઘોષણાઓ કરી હતી. જેમાથી એક યોજના આદિવાસીઓ માટે પણ મહત્વની જાહેર કરી છે. જેને લઈ દેશભરના પાંચ કરોડ જેટલા આદિવાસીઓને લાભ મળશે, જેમાં ૬૩ હજાર ગામોને આ યોજના હેઠળ મળશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે આદિવાસીઓના માટે પ્રધાનમંત્રી જનજાતીય ઉન્નત ગ્રામ અભિયાન જાહેર કર્યું છે.આદિવાસી સમૂહોની સામાજિક અને આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા માટે થઈને કેન્દ્ર સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા આ યોજનાની શરુઆત કરવામાં આવી છે. આ યોજનામાં આદિવાસી બહુમતી ધરાવતા ગ્રામ્ય વિસ્તારો અને જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.**

### સ્ટાન્ડર્ડ ડિડક્શન ૫૦ હજાર રૂપિયાથી વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવ્યું

**નવી સરકારના પ્રથમ પૂર્ણ બજેટમાં આવકવેરામાં રાહત આપવામાં આવી છે જેમાં નોકરિયાત લોકોને પહેલા કરતા વધુ પગાર મળશે. જો કે, દરેકને આ રાહત મળશે નહીં. આ રાહત તે કરદાતાઓને મળશે જેઓ નવી ટેક્સ સિસ્ટમ હેઠળ ટેક્સ ચૂકવી રહ્યા છે. આજે જાહેરાત કરતા નાણા મંત્રીએ કહ્યું છે કે નવી ટેક્સ સિસ્ટમ હેઠળ કરદાતાઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન લિમિટ ૫૦ હજાર રૂપિયાથી વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવી રહી છે. નવી ટેક્સ સિસ્ટમ હેઠળ, કરદાતાઓ રોકાણ પર મુક્તિ મેળવી શકતા નથી. સ્ટાન્ડર્ડ ડિડક્શન મર્યાદામાં વધારો થવાથી કરદાતાઓના હાથમાં નાણાં વધશે. અગાઉ વર્ષ ૨૦૧૯માં સ્ટાન્ડર્ડ ડિડક્શનની મર્યાદા વધારવામાં આવી હતી. જો કે નાણામંત્રીએ જૂના ટેક્સમાં મૂળભૂત મુક્તિ મર્યાદામાં વધારો કર્યો નથી, પરંતુ ટેક્સના દરમાં કોઈ ફેરફાર થયો નથી. તેમને સ્ટાન્ડર્ડ ડિડક્શનમાં વધારાનો લાભ પણ નહીં મળે. બજેટમાં નવી ટેક્સ સિસ્ટમ માટે ટેક્સ સ્લેબની પણ જાહેરાત કરવામાં આવી છે. હવે ૩ થી ૭ લાખ રૂપિયા પર ૫ ટકા અને ૭ થી ૧૦ લાખ રૂપિયા પર ૧૦ ટકા ટેક્સ નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે ૧૦થી ૧૨ લાખ રૂપિયા પર ૧૫ ટકા ટેક્સ, ૧૨થી ૧૫ લાખ રૂપિયા પર ૨૦ ટકા ટેક્સ અને ૧૫ લાખ રૂપિયાથી વધુ પર ૩૦ ટકા ટેક્સ લાગશે. અગાઉ ૬ થી ૯ લાખ રૂપિયા પર ૧૦ ટકા અને ૯ થી ૧૨ લાખ રૂપિયા પર ૧૫ ટકા ટેક્સ હતો.**





મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિની જાત માહિતી મેળવવા મુખ્ય સચિવ રાજકુમાર સાથે આ અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તેમજ પોલીસ મહાનિદેશક વિકાસ સહાય પણ સાથે જોડાયા હતા.

### પોરબંદરમાં પૂરના પાણી વચ્ચે કામગીરી કરી

## PGVCLની ૨૭૦ ટીમોએ રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરી વીજપૂરવઠો કર્યો યંત્રવત



। (એજન્સી) પોરબંદર, તા.૨૩ ।

પોરબંદર જિલ્લામાં ભારે વરસાદથી અનેક વિસ્તારોમાં અંધારપટ છવાઈ જતા PGVCLની ટીમોએ યુદ્ધના ધોરણે ચાલુ વરસાદમાં નીચે પાણીનો પ્રવાહ વહેતો હોવા છતા રાત દિવસ કામગીરી કરીને ૨૦,૦૦૦ અસરગ્રસ્ત પરિવારના ઘરેથી અંધારપટ દૂર કરી ઉજાશ લાવવાનું કામ કર્યુ. પોરબંદર જિલ્લા પ્રશાસન અને PGVCL કોર્પોરેટ કચેરીના સંકલનથી સૌરાષ્ટ્રના દરેક જિલ્લામાંથી ૨૦ ટીમોને પોરબંદર બોલાવવામાં આવી હતી. આ ઉપરાંત સ્થાનિક ૨૫૦ ટીમોની રચના કરીને ૨૪ કલાક કામગીરી કરી કર્મચારીઓએ પોરબંદરમાં ખૂબ જ ઓછા સમયમાં રિસ્ટોરેશનની કામગીરી પૂર્ણ કરી છે. ચાલુ વરસાદમાં તેમજ પોલ પર નીચે પાણી હોવાછતાt PGVCLના કર્મચારીઓએ સાહસ કરીને પોલ ઉપર ચડી જુદા જુદા સંસાધનોનો ઉપયોગ કરીને ૨૪ કલાકમાં ખાસ કરીને શહેરી વિસ્તારમાં અને સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ ઝડપી કામગીરી કરી વીજ સેવા શરૂ કરતાં સ્થાનિક નાગરિકોએ પણ PGVCLના કર્મચારીઓને સ્થળ પર બીરદાવ્યા હતા. પોરબંદરમાં જામનગરથી મુખ્ય ઈજનેર તેમજ અમરેલીથી કાર્યપાલક ઈજનેરને પોરબંદર ડેપ્યુટ કરીને ઉપરાંત સૌરાષ્ટ્રના દરેક જિલ્લામાંથી ૨૦ ટીમ અને સ્થાનિક ૨૫૦ ટીમોએ જિલ્લામાં જ્યોતિ ગ્રામના ૧૬ ફીડર અર્બનમાં ૧૧ અને એગ્રીકલ્ચરના ૧૨ ફીડર એમ કુલ ૪૯ અસરગ્રસ્ત ફીડરનો સર્વે કરી બે દિવસમાં કુલ ૪૨ ગામોમાં પોરબંદર શહેર સહિત ૨૩૮ અસરગ્રસ્ત પોલ ઉભા કરી પુનઃ કાર્યરત કરીને પાંચ બળી ગયેલા ટ્રાન્સફોર્મર પણ રીપેર કર્યા હતાજેટકો દ્વારા GIDC પોરબંદર ખાતેના ૬૬ કેવી સબ સ્ટેશનમાં પાણી ભરાઈ ગયું હતું, તે પણ તાત્કાલિક શરૂ કરી દેવામાં આવ્યું હતું.

### સુરતમાં ભાઈગીરીને કોઈ સ્થાન નથી

## ભાઈને જેલ સુધી પહોંચાડવાની જવાબદારી સુરત પોલીસની છે : ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

નાગરિકોને વ્યાજખોરોના ચુંગાલમાંથી મુક્ત કરાવવા માટે સુરત શહેર પોલીસ વ્યાજખોરો વિરૂધ્ધ અભિયાન ચલાવી રહી છે. આ અભિયાનમાં વ્યાજખોરો દ્વારા પડાવી લેવામાં આવેલી મિલકતો, કાર, દાગીના મૂળ માલિકોને પરત આપવાના ઉમદા હેતુ સાથે સુરત પોલીસ દ્વારા આયોજિત 'તેરા તુઝ કો અર્પણ' કાર્યક્રમ યોજ્યો હતો. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સુરતના વ્યાજખોરોએ પચાવી પાડેલી ૨૨ પીડિતોની મિલ્કતના કાગળો, દાગીના અને ગાડીઓ આ મૂળ માલિકોને પરત કરવામાં આવી હતી. સિટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટર ખાતે આયોજિત કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગરીબ, મધ્યમવર્ગીય પરિવારોને વ્યાજખોરો આતંક-ત્રાસથી બચાવવાના અભિયાનની શરૂઆત ગુજરાત પોલીસ દ્વારા કરવામાં



આવી છે. નાની મોટી તકલીફોમાં સગા-સંબંધીઓ પાસેથી મદદ લેવાની વર્ષો જૂની પરંપરા રહી છે. પરંતુ આ માનવતાના સંબંધને લાંછન લગાડી વ્યાજખોર દાનવોએ ગરીબ, મધ્યમવર્ગીય લોકો વિશ્વાસઘાત કર્યો છે. વ્યાજખોરોના દૂષણને ડામવાનું કાર્ય કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. વ્યાજના વિષચક્રમાંથી મુક્તિ અપાવવા માટે લોનમેળા તેમજ લોકદરબાર યોજવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે, વ્યાજના દૂષણમાં ક્યારેય ફસાવ ત્યારે ડર્યા વગર સૌથી પહેલા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરજો. સુરત શહેરમાં ભાઈગીરીને કોઈ સ્થાન નથી, 'ભાઈ'ને લાજપોર જેલ સુધી પહોંચાડવાની જવાબદારી સુરત પોલીસની છે. હર્ષ સંઘવીએ કહ્યું કે, ડ્રગ્સ સામે ચાલી રહેલી લડાઈમાં ડ્રગ્સ માફિયાઓ પાસે બે રસ્તાઓ જ છે; 'ગુજરાતમાં રહેવા માટે સીધા રસ્તે ચાલવું પડશે નહી તો ગુજરાતને છોડવું પડશે'. સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે, સુરત શહેર પોલીસના વ્યાજખરી સામેના અભિયાનમાં છેલ્લા એક મહિનામાં વિવિધ પોલીસ સ્ટેશનમાં ૧૨૦ અરજીઓ મળી હતી, જેમાંથી ૯૦ આરોપી સામે એફ. આઈ.આર. પણ દાખલ કરવામાં આવી છે.

## ભાદર-૨ ડેમ ભયજનક સપાટીએ પહોંચ્યો, સતત આવકને લઈ ૨ દરવાજા ખોલાયા

। અમદાવાદ, તા.૨૩ ।

ધોધમાર વરસાદને લઈ ધોરાજીનો ભાદર-૨ ડેમના બે દરવાજા ખોલવામાં આવ્યા છે. ૧૯૬૯ ક્યુસેક કરતા વધારે પાણીની આવક સતત ચારેક દિવસથી થઈ રહી છે. આમ સતત પાણીની આવકને લઈ ડેમની જળસપાટીમાં વધારો થવાને લઈ ભાદર-૨ ના ડેમના બે દરવાજા ખોલવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેને લઈ સ્થાનિક નદીઓમાં પાણીની આવક સતત થઈ રહી છે. ઉપરવાસમાં ધોધમાર વરસાદને લઈ ધોરાજીનો ભાદર-૨ ડેમના બે દરવાજા ખોલવામાં આવ્યા છે. ૧૯૬૯ ક્યુસેક કરતા વધારે પાણીની આવક સતત ચારેક દિવસથી થઈ રહી છે. આમ સતત પાણીની આવકને લઈ ડેમની જળ સપાટીમાં વધારો થવાને લઈ ભાદર-૨ ના ડેમના બે દરવાજા ખોલવામાં આવ્યા છે. ડેમની જળસપાટી હાલમાં ૫૨ મીટર પહોંચી છે. જ્યારે સંપૂર્ણ જળસપાટી ૫૩ મીટર છે. ડેમમાં સોમવારે બપોર સુધી ૮૧.૧૧ ટકા જળ જથ્થો નોંધાયો છે. ડેમના દરવાજા ખોલવામાં આવતા નિચાણ વાળા વિસ્તારોને એલર્ટ આપવામાં આવ્યું છે અને નદી કાંઠા વિસ્તારમાં સાવચેતી જાળવવા માટે તંત્રએ અપીલ કરી છે.

## ૧૦૦ દિવસમાં ૩૦ લાખ વૃક્ષોનું વાવેતર કરાશે

### 'એક પેડ માં કે નામ' અભિયાનને રાજ્યમાં જન આંદોલન સ્વરૂપે વિસ્તારવા યોજાયેલી બેઠકમાં આખરી ઓપ અપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

'એક પેડ માં કે નામ' અભિયાનને રાજ્યમાં જન આંદોલન સ્વરૂપે વિસ્તારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં આખરી ઓપ અપ ાયો. અમદાવાદ મહાનગરપાલિકા આ અભિયાન અન્વયે ૧૦૦ દિવસમાં ૩૦ લાખ વૃક્ષોનું વાવેતર કરશે. આગામી વન મહોત્સવ અંતર્ગત તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધી રાજ્યવ્યાપી અભિયાન 'એક પેડ માં કે નામ' વન વિભાગ શરૂ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે તારણોપાય તરીકે મોટા પાયે વૃક્ષો વાવવા 'એક પેડ માં કે નામ' અભિયાન દેશભરમાં શરૂ કરાવ્યું છે. તાજેતરમાં વિશ્વ પર્યાવરણ દિવસ, પાંચમી જૂને વડાપ્રધાનએ આ અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાની પ્રેરણા આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનના આ પર્યાવરણ પ્રિય વિચારોને આત્મસાત કરીને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ તથા ગ્રીન કવરની વૃદ્ધિ માટે ગુજરાતમાં 'એક પેડ માં કે નામ' અભિયાનને જન આંદોલન સ્વરૂપે વિસ્તારવાનો નિર્ધાર કર્યો છે. મુખ્યમંત્રીએ રાજ્યના વન વિભાગ દ્વારા આ રાજ્યવ્યાપી અભિયાનને વધુ વેગવંતુ બનાવવાના આયોજનને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને આખરી ઓપ આપ્યો હતો. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પણ આ અભિયાન અન્વયે 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ' અંતર્ગત ૧૦૦ દિવસમાં ૩૦ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આ સંદર્ભમાં ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત આગામી સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીમાં સમગ્ર રાજ્યમાં ૧૨.૨૦ કરોડ વૃક્ષો વાવવાનો અને માર્ચ-૨૦૨૫ સુધીમાં કુલ મળીને ૧૭ કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ બેઠકમાં વન વિભાગ તરફથી થયેલા વૃક્ષ વાવેતરની વિગતો આપતાં જણાવવામાં આવ્યું હતું કે, ભારત સરકારના 'મેરી લાઈફ' પોર્ટલ પર દેશભરનાં રાજ્યોમાં વૃક્ષ વાવેતરની જે વિગતો નોંધાયેલી છે તે મુજબ અત્યાર સુધીમાં ગુજરાતે ૪ કરોડ ૩ લાખ ૩૩ હજાર વૃક્ષો ૩૩ જિલ્લાઓમાં વાવીને સમગ્ર દેશમાં બીજું સ્થાન મેળવ્યું છે.

રાજ્યમાં યોજાનારા ૭૫મા વન મહોત્સવ દરમિયાન પણ 'એક પેડ માં કે નામ' અભિયાનને તાલુકા, ગ્રામ્ય સ્તરના વન મહોત્સવો સુધી વિસ્તારવામાં આવશે અને સમગ્રતયા ૧૦.૫૦ કરોડ રોપાઓનું વિતરણ કરાશે એમ પણ આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણ અનુકૂલન જીવનશૈલી 'મિશન લાઈફ' માટેની પણ પ્રેરણા આપી છે.

# વિશેષ

### ૨૦૪૭ સુધીમાં ભારતનો યુવા વિશ્વ સમક્ષ યુથ પાવર બનીને ઉભરી આવે તે માટેની યોજનાઓ પર ખાસ ફોકસ

## નરેન્દ્ર મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારનું ૨૦૨૪-૨૫ના વર્ષનું બજેટ વિકસિત ભારતનો સુરેખ પથ કંડારતું સર્વગ્રાહી અને સર્વસ્પર્શી બજેટ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર સરકારના ૨૦૨૪-૨૫ના વર્ષના બજેટ અંગે પ્રતિક્રિયા આપ તા કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારનું રજૂ કરાયેલું આ બજેટ વિકસિત ભારતનો સુરેખ પથ કંડારતું સર્વગ્રાહી અને સર્વસ્પર્શી બજેટ છે. એટલું જ નહિ, આ બજેટ સતત ત્રીજીવાર વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં જનતા જનાર્દને મૂકેલા વિશ્વાસનું પ્રતિબિંબ રજૂ કરતું બજેટ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની 'ગ્યાન' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સર્વાંગી વિકાસ આધારિત વિકાસની જે સંકલ્પના હતી તેને આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા આ બજેટમાં ઝળકે છે, સાથે સાથે રોજગાર, કૌશલ્ય, વિકાસ, સ્જીસ્ઈ અને મધ્યમ વર્ગ પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે એનર્જી સિક્યુરિટી, પ્રાકૃતિક ખેતી સહિત કૃષિ ક્ષેત્રના વિકાસને પ્રાયોરિટી આપવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશની આઝાદીની શતાબ્દીએ ૨૦૪૭ સુધીમાં ભારતનો યુવા વિશ્વ સમક્ષ યુથ પાવર બનીને ઉભરી આવે તે માટેની યોજનાઓ પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે. યુવા શક્તિના કૌશલ્ય નિખાર માટે ૨ લાખ કરોડ રૂપિયાના પ્રાવધાન સાથે આગામી વર્ષોમાં ૪.૧ કરોડ યુવાઓ માટે પાંચ નવી યોજનાઓ શરૂ થવાની છે. આ યોજનાઓથી દેશની યુવા શક્તિને રોજગાર, સ્વરોજગાર, ઉદ્યમીતા અને ઈનોવેશન ક્ષેત્રમાં નવા સોપાનો સર કરવાની નવી દિશા મળશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત માટે જે ૯ પ્રાયોરિટી તય કરી છે તેને સર્વગ્રાહી વેગ આપતું આ બજેટ છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતું. તેમણે કહ્યું કે, આ ક્ષેત્રોમાં કૃષિમાં ઉત્પાદકતા અને સમર્થન, રોજગાર અને કુશળતા, સમાવિષ્ટ માનવ સંસાધન વિકાસ અને સામાજિક ન્યાય, ઉત્પાદન અને સેવાઓ, શહેરી વિકાસ, ઉર્જા સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનતા, સંશોધન અને વિકાસ તેમજ આવનારી પેઢી માટે સુવિધાઓ જેવી બાબતોને બજેટમાં વણી લેવાનો પ્રયોગ આવકારદાયક છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આગામી પાંચ વર્ષમાં ૧ કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં જોડવાથી ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને આનાથી મોટી મદદ મળશે તેમજ વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં જોડવાનો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ સાકાર થશે. એટલું જ નહિ, સર્ટિફિકેશન અને બ્રાન્ડ સપોર્ટ સાથે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને મદદ કરવાનો વડાપ્રધાનશ્રીનો ખેડૂત કલ્યાણ લક્ષી અભિગમ પણ આ બજેટમાં પ્રતિબંબિત થયો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સહકાર સે સમૃદ્ધિના મંત્રને દેશભરમાં સરળતાથી પાર પાડવા નેશનલ કો-ઓપરેશન પોલિસી લાગુ કરવાના નિર્ણયથી રૂરલ ઈકોનોમીને ફાસ્ટ ટ્રેક પર લાવવા મદદ મળશે. તેમણે રોજગાર અને તાલીમ માટે ઈ.પી.



એફ.ઓ. સાથે એમ્પ્લોયમેન્ટ લિંક્ડ ઈન્સેન્ટિવની ૩ યોજનાઓ શરૂ કરવાની વાતને આવકારતા કહ્યું કે, જોબ ક્રિએશન ઈન મેન્યુફેક્ચરિંગ સેક્ટર સ્કીમ અંતર્ગત મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં નવા રોજગારને પ્રોત્સાહન અપાશે. એમ્પ્લોયી અને એમ્પ્લોયર બન્નેને લાભ મળશે. તેમજ ગુજરાતમાં યુવાઓ અને યુવા ઉદ્યોગ સાહસિકો માટે રોજગારીની તકો વ્યાપક બનશે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ઔદ્યોગિક એકમો સાથે ભાગીદારીમાં વર્કિંગ વુમન હોસ્ટેલ્સની સ્થાપનાથી મહિલા સશક્તિકરણ, વુમન-રિલેટેડ સ્કીલિંગ પ્રોગ્રામ્સ અને પ્રમોશન ઓફ માર્કેટ એક્સેસ માટે વિશેષ કાર્યક્રમો આયોજિત થવાની સંભાવનાઓ ગુજરાતમાં વુમન વર્કફોર્સને વધુ અસરકારક બનાવશે. મુખ્યમંત્રીશ્રીએ કોશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાના અભિગમને આવકારતા કહ્યું હતું કે, સ્કીલિંગ પ્રોગ્રામ અંતર્ગત રાજ્ય સરકાર અને ઈન્ડસ્ટ્રી સાથે ભાગીદારીમાં કેન્દ્ર સરકાર આગામી ૫ વર્ષમાં ૨૦ લાખ જેટલા યુવાનોને તાલીમ આપવાનો વ્યાપક સ્કીલિંગ પ્રોગ્રામ હાથ ધરાશે. ૧૦૦૦ જેટલા ઈન્ડસ્ટ્રી ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ્સને અપગ્રેડ કરવામાં આવશે, આના પરિણામે ગુજરાતના યુવાનો માટે અપસ્કીલીંગ અને સ્કીલ ડેવલપમેન્ટની નવી તકો ખૂલશે તેની પણ તેણે સરાહના કરી છે.

પી.એમ. આવાસ યોજના અંતર્ગત દેશમાં ૩ કરોડ નવા આવાસોના નિર્માણ માટે વ્યવસ્થા કરાશે. આના પરિણામે દેશના કરોડો ગરીબોને પોતીકું ઘર મળશે તેમ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રીના આદિજાતિ વિકાસના સંકલ્પને આવકારતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પી.એમ. જનજાતીય ઉન્નત ગ્રામ અભિયાન અંતર્ગત આદિજાતિ વિસ્તારોમાં સરકારી યોજનાઓના લાભના સેચ્યુરેશનને વેગ આપવામાં આવશે. તેનો સીધો લાભ ૬૩,૦૦૦ જેટલા ગામોના ૫ કરોડથી વધુ આદિજાતિ લાભાર્થીઓને મળશે. ગુજરાતના ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી વિસ્તારોના આદિજાતિ બાંધવોને પણ તેનો વ્યાપક લાભ મળશે. મુખ્યમંત્રીશ્રીએ આ બજેટને રાજ્યના ઉદ્યોગોને વેગ આપતું બજેટ ગણાવ્યું છે. આ અંગે તેમણે કહ્યું કે, ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં એમ.એસ.એમ.ઈ. એ બેકબોન સમાન છે અને આ બજેટમાં કરવામાં આવેલી વિશેષ જોગવાઈઓથી એમએસએમઈ સેક્ટરને બુસ્ટ મળશે. એટલું જ નહિ,એમ.એસ.એમ.ઈ. અને લેબર ઈન્સેન્ટીવ ઉત્પાદન એકમો પર આ બજેટમાં ખાસ ભાર આપવામાં આવ્યો છે. તેમણે મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રના એમ.એસ.એમ.ઈ. માટે ક્રેડિટ સ્કીમ શરૂ કરવામાં આવી છે તેમજ આ સ્કીમથી મશીનરી અને સાધનોની ખરીદી માટે ગેરંટી વિનાની લોન માટે પણ સ્કીમ શરૂ થવાની છે તેને પણ આવકારગદાયક ગણાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ મુદ્રા લોન હાલના ૧૦ લાખથી વધારીને ૨૦ લાખ કરવાની જોગવાઈનો પણ ઉલ્લેખ કર્યો હતો. કેન્દ્ર સરકાર, ૫ વર્ષોમાં ૧ કરોડ યુવાઓને ટોપની ૧૦૦ કંપનીઓમાં ઈન્ટર્નશીપની તકો પૂરી પાડશે. ૫ હજાર રૂપિયા પ્રતિ માસ એલાઉન્સ પણ મળશે. સાથે ૬ હજાર રૂપિયાની ૧ વખતની સહાય પણ અપાશે તેમજ કંપનીઓ તાલીમ ખર્ચ ઉપાડશે અને ૧૦ ટકા ઈન્ટર્નશીપ ખર્ચ સી.એસ.આર. ફંડમાંથી ભોગવશે તે બાબતને તેમણે આવકારી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બજેટમાં ઈન્વેસ્ટમેન્ટ રેડી, પ્લગ એન્ડ પ્લે ૧૦૦ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક વિકસિત કરવાની જોગવાઈ સંદર્ભમાં કહ્યું કે, નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ૧૨ નવા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક મંજૂર કરવામાં આવશે. ગુજરાતના યુવા ઉદ્યોગકારોના ઉદ્યોગોને આના પરિણામે મોટું પ્રોત્સાહન મળશે તેમ તેમણે જણાવ્યું હતું.

### અમેરિકાના મિસિસિપીમાં ફરી સામૂહિક ગોળીબાર

# નાઈટ ક્લબની બહાર અંધાધૂંધ ગોળીબારમાં 3 લોકોના મોત થયા, અનેક લોકો ઘાયલ

## કેસમાં હજુ સુધી કોઈની ધરપકડ નથી થઈ, ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે હતી










। (એજન્સી) અમેરિકા, તા.૨૩ ।

આ ઘટના અમેરિકાના મિસિસિપીમાં સ્થાનિક સમય અનુસાર રવિવારે સવારે બની હતી. આ કેસમાં હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઘટનાસ્થળે પહોંચીને પોલીસે પુષ્ટિ કરી કે ૧૯ લોકોને ગોળી વાગી હતી, જેમાંથી ત્રણના મોત થયા છે. અમેરિકામાં સામૂહિક ગોળીબારની ઘટનાઓ અટકી રહી નથી. મિસિસિપીમાં નાઈટક્લબની બહાર સામૂહિક ગોળીબારની ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે અને ૧૬ ઘાયલ થયા છે. રિપોર્ટ અનુસાર, આ ઘટના સ્થાનિક સમય અનુસાર રવિવારે સવારે બની હતી. આ કેસમાં હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઘટનાસ્થળે પહોંચીને પોલીસે પુષ્ટિ કરી કે ૧૯ લોકોને ગોળી વાગી હતી, જેમાંથી ત્રણના મોત થયા છે. મૃત્યુ પામેલા લોકોની ઉંમર ૧૯ વર્ષની હતી. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.પોલીસ કહે છે કે સાક્ષીઓ કહે છે કે તેઓએ ડઝનેક ગોળીબાર સાંભળ્યો હતો. આ ઘટના પાછળનો હેતુ હજુ સુધી જાણી શકાયો નથી. ઈન્ડિયાનોલા પોલીસ ચીફ રોનાલ્ડ સેમ્પસને કહ્યું કે ઘણા લોકો કહે છે કે તેઓએ ગોળીબાર સાંભળ્યો હતો. અમેરિકાના અલાબામાથી ઓક્લાહોમા અને ટેક્સાસ સુધીના કરિયાણાની દુકાનોમાં બુલેટ ખરીદવા માટે આ ગન બુલેટ વેન્ડિંગ મશીનો દૂધ વેન્ડિંગ મશીનોની બાજુમાં જોઈ શકાય છે. હાલમાં, આ વેન્ડિંગ મશીનો માત્ર ત્રણ શહેરો ઓક્લાહોમા, ટેક્સાસ અને અલાબામામાં કરિયાણાની દુકાનોમાં જ જોવા મળશે. આનો ઉપયોગ એટીએમની જેમ જ સરળતાથી કરી શકાય છે.અમેરિકન રાઉન્ડ્સ નામની કંપની આ વેન્ડિંગ મશીનોને ગ્રોસરી સ્ટોર્સમાં ઈન્સ્ટોલ કરી રહી છે. કંપનીનું કહેવું છે કે આ મશીનો એક આઈડેન્ટિફિકેશન સ્કેનર અને ફેશિયલ રેકગ્નિશન સોફ્ટવેરથી સજ્જ છે, જે ખરીદનારની ઉંમરની ચકાસણી કરે છે. આ પછી જ તમે આ મશીનોમાંથી બુલેટ સરળતાથી ખરીદી શકશો. અમેરિકામાં સામૂહિક ગોળીબારની ઘટનાઓ સતત વધી રહી છે. ૨૦૨૪માં અત્યાર સુધીમાં સામૂહિક ગોળીબારની આવી ૧૫ ઘટનાઓ બની છે. આવી સ્થિતિમાં લોકોનું કહેવું છે કે કરિયાણાની દુકાનોમાં ખુલ્લેઆમ ગોળીઓ મળવાને કારણે ગોળીબારની ઘટનાઓ વધુ વધશે.

### નીટ-યુજીનું અટકાવી દેવામાં આવેલું કાઉન્સેલિંગ ફરીથી શરૂ

# NEET UGની પરીક્ષા ફરી નહીં થાય: સુપ્રીમ કોર્ટે કર્યો મહત્ત્વનો ચુકાદો

## અદાલતી કાર્યવાહીને કારણે NEET UGનું અટકાવી દેવામાં આવેલું કાઉન્સેલિંગ આવતીકાલથી ફરીથી શરૂ કરવામાં આવશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

NEET વિવાદમાં છેવટે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે. કોર્ટે નીટની પરીક્ષા ફરીથી લેવાની માગણી ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે આ પરીક્ષા ૨૩ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓએ આપેલી છે અને હવે ફરીથી પરીક્ષા લેવાથી એ તમામ વિદ્યાર્થીઓને અસર પડશે. દરમિયાન, અદાલતી કાર્યવાહીને કારણે નીટ-યુજીનું અટકાવી દેવામાં આવેલું કાઉન્સેલિંગ આવતીકાલથી ફરીથી શરૂ થશે. અદાલતે તેના ચુકાદામાં જણાવ્યું કે, આ કેસની સીબીઆઈ તપાસ થઈ રહી છે અને તપાસ હજુ અધુરી છે ત્યારે નવેસરથી પરીક્ષા બાબતે નિર્ણય લેવો ઉચિત નથી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, સમગ્ર રીતે જોતાં આખી પ્રક્રિયામાં કોઈ વ્યવસ્થિત રીતે ગેરરીતિ થઈ હોય એવા કોઈ પુરાવા મળતા નથી. માત્ર બે જગ્યાએ પીપર લીક થયાનું સ્પષ્ટ થાય છે. આ સંજોગોમાં તમામની પરીક્ષા ફરીથી લેવાનું ઉચિત નથી અને વ્યવહારુ પણ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, નવેસરથી પરીક્ષા લેવાનો આદેશ કરવાથી તેના ગંભીર પરિણામ આવી શકે છે, કેમ કે તેને કારણે અંદાજે ૨૩ લાખ વિદ્યાર્થીઓને અસર થઈ શકે છે. તે ઉપરાંત પ્રવેશ પ્રક્રિયા ઉપર પણ અવળી અસર પડશે. કોર્ટે એવો પણ અંદેશો વ્યક્ત કર્યો કે, આવો કોઈ નિર્દેશ આપવાથી મેડિકલ શિક્ષણના સિલેબસ ઉપર પણ નકારાત્મક અસર પડી શકે છે. ઉપરાંત ભવિષ્યમાં ડૉક્ટરોની ઉપલબ્ધી ઉપર પણ અસર પડશે. અદાલતે તેના ચુકાદામાં એ મુદ્દે પણ સ્થિતિ સ્પષ્ટ કરી કે જેમણે નવા તથા જૂના અભ્યાસક્રમને આધારે બે જવાબને સાચા માનીને લખ્યા હતા તેમાં કોર્ટ IIT દિલ્હીનો અભિપ્રાય માન્ય રાખે છે. IIT દિલ્હીએ જણાવ્યું છે કે, વિકલ્પ-૪ સાચો જવાબ છે. અદાલતે કહ્યું કે, આ કેસમાં ચાર દિવસ કરતાં વધુ સમય સુનાવણી કરવામાં આવી છે. આ દરમિયાન સીબીઆઈના અધિકારીની વાત પણ સાંભળવામાં આવી છે. અદાલતને લાગે છે કે NEET UG 2024નું પેપર હજારીબાગ તથા પટણામાં લીક થયું છે અને તેમાં કોઈ શંકા નથી. આ કેસની તપાસ સીબીઆઈને સોંપ્યા બાદ સીબીઆઈએ ૧૦મી જુલાઈએ તેનો સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો હતો. તે સમયે કોર્ટે તેના વચગાળાના આદેશમાં આ બાબતોનો વિચાર કરીને NTA, કેન્દ્ર સરકાર તથા સીબીઆઈને સોગંદનામાં દાખલ કરવા જણાવ્યું હતું.

### કિરણ ચૌધરી વિરુદ્ધ કોંગ્રેસની અરજી ફગાવી

# JJP ધારાસભ્યો વિરુદ્ધની અરજી પર વિધાનસભા અધ્યક્ષ કરશે સુનાવણી



। (એજન્સી) હરિયાણા, તા.૨૩ ।

હરિયાણા વિધાનસભાના અધ્યક્ષ જ્ઞાનચંદ ગુપ્તાએ તોશામના ધારાસભ્ય કિરણ ચૌધરીની સદસ્યતા રદ કરવાની કોંગ્રેસની અરજીને ફગાવી દીધી છે. આ અરજી વિધાનસભાના 'ડિસક્વોલિફિકેશન ઓફ મેમ્બર્સ ઓન ધ ગ્રાઉન્ડ ઓફ ડિફેક્શન રૂલ્સ, ૧૯૮૬'ના માપદંડને પૂર્ણ કરતી નથી, જેના કારણે તેને ફગાવી દેવામાં આવી હતી. વિધાનસભા સચિવાલયે સોમવારે આ અંગે કોંગ્રેસના નેતાઓને જાણ કરી છે.વિધાનસભા સચિવાલય વતી, કોંગ્રેસના નેતાઓને કહેવામાં આવ્યું છે કે તેમના દ્વારા રજૂ કરવામાં આવેલી અરજી હરિયાણા વિધાનસભાના નિયમ ૬ (૭)ની શરતોનું પાલન કરતી નથી. ૧૯૮૬. આ પિટિશન અરજદારો દ્વારા સહી અને ચકાસાયેલ નથી. હરિયાણા વિધાનસભા નિયમ ૭(૨) જણાવે છે કે 'જો પિટિશન નિયમ ૬ ની જરૂરિયાતોનું પાલન કરતી નથી, તો સ્પીકર અરજીને ફગાવી દેશે.'ડિસક્વોલિફિકેશન ઓફ મેમ્બર્સ ઓન ગ્રાઉન્ડ ઓફ ડિફેક્શન રૂલ્સ, ૧૯૮૬'માં સ્પષ્ટપણે લખવામાં આવ્યું છે કે ધારાસભ્યની સદસ્યતા સમાપ્ત કરવાની માંગ કરતી અરજી પર અરજદાર દ્વારા સહી કરવામાં આવશે. આ સાથે, પિટિશનના દરેક જોડાણ પર પણ અરજદાર દ્વારા સહી કરવામાં આવશે અને પિટિશનની જેમ જ તેની ચકાસણી પણ કરવામાં આવશે.



નવી દિલ્હીમાં લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાની હાજરીમાં ઇન્ટર-પાર્લામેન્ટરી યુનિયન (આઈપીયુ)ના પ્રમુખ અને તાન્ઝાનિયા પ્રજાસત્તાકની નેશનલ એસેમ્બલીના સ્પીકર ડો. તુલિયા એક્સન મુલાકાતી પુસ્તક પર હસ્તાક્ષર કર્યા.

# ભારત વિરોધી સૂત્રો લખી ભારતીય મૂળના કેનેડિયન સાંસદ પર હુમલો કરાયો




। (એજન્સી) કેનેડા, તા.૨૩ ।

કેનેડામાં હિંદુ પૂજા સ્થળો પર ચાલી રહેલા હુમલાની વચ્ચે એડમોન્ટનના બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં તોડફોડ કરવામાં આવી. હિંદુ અમેરિકન ફાઉન્ડેશને જણાવ્યું કે બીએપીએસ સ્વામીનારાયણ મંદિર પર સવારે ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા. સાથે જ ભારતીય મૂળના કેનેડિયન સાંસદ ચંદ્ર આર્ય પર હુમલો કરવામાં આવ્યો. ખાલિસ્તાની સમર્થકો પર આ ઘટનાના આરોપ લાગી રહ્યાં છે. નેપિયન સંસદ સભ્ય ચંદ્ર આર્યએ હિંદુ-કેનેડિયન સમુદાયો વિરુદ્ધ હિંસાની વધતી ઘટનાઓ પર ગાઢ ચિંતા વ્યક્ત કરી. આર્યએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું, એડમોન્ટનમાં હિંદુ મંદિર બીએપીએસ સ્વામિનારાયણ મંદિરને ફરીથી તોડી દેવામાં આવ્યું છે. છેલ્લા અમુક વર્ષોથી ગ્રેટર ટોરન્ટો એરિયા, બ્રિટિશ કોલંબિયા અને કેનેડાના અન્ય સ્થળોમાં ભારત વિરોધી સૂત્રો સાથે તોડફોડ કરવામાં આવી રહી છે. સાંસદ આર્યએ આગળ પોતાની પોસ્ટમાં ખાલિસ્તાની ચરમપંથીઓને મળેલી છૂટ તરફ ઈશારો કર્યો. તેમણે કહ્યું, 'હું હંમેશાથી કહેતો રહ્યો છું કે ખાલિસ્તાની ચરમપંથી નફરત અને હિંસાની પોતાની જાહેર નિવેદનબાજીથી સરળતાથી બચી નીકળે છે. હું એક વાર ફરીથી કહેવા માગું છું. હિંદુ કેનેડિયન હકીકતમાં પરેશાન છે.

# ભારતની ૧૦૦થી વધુ કંપનીઓ સરકારના ક્વોલિટી ટેસ્ટમાં ફેલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ખાંસીથી રાહત મેળવવા માટે આપણે જે સિરપનો ઉપયોગ કરી રહ્યા છીએ તે સિરપ આપણને મોતના મોઢામાં ધકેલી રહી છે. કફ સિરપને લઈને ભારતની ફાર્મા કંપનીઓ પર વિશ્વના ઘણા દેશોમાં સવાલ ઉઠ્યા બાદ હવે સરકારી રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ઓછામાં ઓછી ૧૦૦ કફ સિરપ ક્વોલિટી ટેસ્ટમાં ફેલ થઈ ગઈ છે. આ ટેસ્ટ કેન્દ્ર સરકાર દ્વારા કરાવવામાં આવ્યા હતા. ઘણી સિરપમાં ઝેરી પદાર્થ મળી આવ્યા છે. આ એ પદાર્થો છે જે ગામ્બિયા, ઉઝબેકિસ્તાન અને કેમરૂનમાં બાળકોના મોત સાથે સબંધિત કફ સિરપમાં મળી આવ્યા હતા. સરકારી રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ રિપોર્ટ સ્વાસ્થ્ય મંત્રાલયને સોંપવામાં આવ્યો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે આ સિરપ ડાયથિલિન ગ્લાયકોલ (DEG) અથવા ઈથિલિન ગ્લાયકોલ (EG) જેવા માપદંડો પર ખરા નથી ઉતર્યા અને ક્વોલિટીમાં ફેલ થઈ ગયા છે. સ્ટેન્ડર્ડ ક્વોલિટી પર ખરા ન ઉતરવાના કારણે તેને NSQ કહેવામાં આવી છે.

# ભાજપ-સંઘ વચ્ચેના મતભેદો તીવ્ર બન્યા હોવાનાં એંધાણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઉત્તરપ્રદેશમાં ભાજપ અને સંઘના નેતાઓ વચ્ચેની સમન્વય બેઠક છેલ્લી ઘડીએ રદ કરાતાં ભાજપ અને સંઘ વચ્ચેના મતભેદો તીવ્ર બન્યા હોવાનાં એંધાણ છે. સૂત્રોનું કહેવું છે કે, નરેન્દ્ર મોદીએ સંઘને ભાજપની આંતરિક બાબતોથી દૂર રહેવાનું કહી દેતાં સંઘના સહસરકાર્યવાહ અરૂણ કુમાર સાથેની ઉત્તર પ્રદેશના ભાજપના દિગ્ગજ નેતાઓની બેઠક સ્થગિત રખાઈ છે. સંઘની મધ્યસ્થીથી ભાજપનો ઝગડો શાંત પડે તેના કારણે ભાજપ સંઘના ઈશારે ચાલે છે અને ભાજપના નેતા સંઘની કઠપૂતળી છે એવી છાપ ના પડે એટલે મોદીએ સંઘને દૂર રહેવા કહી દીધું હોવાનું કહેવાય છે.

### ભારતીયો પર શું થશે અસર ?

# સાઉદી અરેબિયાએ નોકરી સેક્ટરમાં કર્યો મોટો ફેરફાર!



। (એજન્સી) સા.અ, તા.૨૩ ।

સાઉદી અરેબિયાએ એક મોટો નિર્ણય લેતા તેના નાગરિકો માટે ખાનગી ક્ષેત્રની એન્જિનિયરિંગ નોકરીઓમાં અનામતની જાહેરાત કરી છે. કિંગડમે ખાનગી એન્જિનિયરિંગ નોકરીઓમાં તેના નાગરિકો માટે ૨૫ ટકા આરક્ષણ લાગુ કર્યું છે. તે રવિવારથી અમલમાં આવ્યો, જેનો હેતુ સાઉદી નાગરિકોને વધુ નોકરીની તકો પૂરી પાડવાનો છે. માનવ સંસાધન અને સામાજિક વિકાસ મંત્રાલયની આ યોજના હેઠળ એવું માનવામાં આવે છે કે એન્જિનિયરિંગ ક્ષેત્રમાં સાઉદી નાગરિકોની સંખ્યામાં વધારો થશે.સાઉદી અરેબિયાની સત્તાવાર પ્રેસ એજન્સી, સાઉદી પ્રેસ એજન્સીએ જણાવ્યું હતું કે મંત્રાલયે નગરપાલિકા, ગ્રામીણ બાબતો અને આવાસ મંત્રાલય સાથે મળીને એન્જિનિયરિંગ નોકરીઓમાં ૨૫ ટકા સ્થાનિકીકરણ ક્વોટા લાગુ કર્યો છે.સાઉદી પ્રેસ એજન્સીએ કહ્યું, 'આ નીતિ સાઉદી પુરૂષો અને મહિલાઓને વધુ સારી નોકરીની તકો પૂરી પાડશે.'આ નવી પોલિસી ખાનગી ક્ષેત્રની દરેક કંપનીને અસર કરશે જેમાં પાંચ કે તેથી વધુ એન્જિનિયર કામ કરી રહ્યા છે. સાઉદી અધિકારીઓએ ચેતવણી પણ આપી છે કે જે કંપનીઓ નિયમોનું પાલન નહીં કરે તેમને કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડશે.

# વર્ષે શ્રીલંકાએ અત્યાર સુધીમાં ૧૮૦થી વધુ માછીમારોની કરી ધરપકડ

। (એજન્સી) કોયમ્બતૂર, તા.૨૩ ।

શ્રીલંકન નૌકાદળે તામિલનાડુના દરિયાકાંઠેથી બે પાવરબોટ સાથે રામેશ્વરમના નવ ભારતીય માછીમારોને પકડી લીધા છે. તેમણે દાવો કર્યો હતો કે માછીમારો ભારતીય સરહદ પાર માછીમારી કરી રહ્યા હતા. માછીમારો મન્નારની ખાડીમાં માછીમારી કરવા ગયા હતા. આવું પહેલીવાર નથી બન્યું. આ પહેલા પણ શ્રીલંકન નેવી રામેશ્વરમમાંથી ભારતીય માછીમારોને પકડી ચુકી છે. આ મહિને ૧ જુલાઈના રોજ, રામેશ્વરમ ટાપુ વિસ્તાર નજીકના પાલ્ક બે સમુદ્ર વિસ્તારમાં પમ્બનમાં માછીમારી કરવા ગયેલા ૨૬ ભારતીય માછીમારોને શ્રીલંકન નૌકાદળ દ્વારા પકડી લેવામાં આવ્યા હતા. તેમની સાથે ચાર દેશી બોટ પણ જપ્ત કરવામાં આવી હતી.

# રાષ્ટ્રપતિ પદ માટે તેમને ટેકો આપ્યા પછી ૫૦ મિલિયન ડોલર એકત્ર કર્યા

## અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રેસમાંથી બહાર થયા બાદ જો બિડેને કમલા હેરિસને પોતાનું સમર્થન આપ્યું હતું



। (એજન્સી) અમેરિકા, તા.૨૩ ।

જો બિડેને રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ કમલા હેરિસે આજે એક સભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે રાષ્ટ્રપતિની સિદ્ધિઓની ખૂબ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે બિડેને બે કાર્યકાળ પૂર્ણ કરનારા ઘણા રાષ્ટ્રપતિઓનો વારસો પાછળ છોડી દીધો છે. બિડેને રાષ્ટ્રપતિ પદ માટે કમલા હેરિસને પોતાનું સમર્થન આપ્યું છે, ત્યારબાદ તેમણે પ્રચારમાં લગભગ ૫૦ મિલિયન ડોલર એકઠા કર્યા છે.નેશનલ કોલેજિયેટ એથ્લેટિક એસોસિએશન ચેમ્પિયન ટીમોનું સન્માન કરતી એક ઈવેન્ટમાં, કમલા હેરિસે જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં બિડેનની સિદ્ધિઓનો વારસો "આધુનિક ઈતિહાસમાં અપ્રતિમ છે." તેણીએ જણાવ્યું કે તે બિડેનને તેના સ્વર્ગસ્થ પુત્ર બ્યુ દ્વારા કેવી રીતે જાણતી હતી, જ્યારે તેઓ તેમના સંબંધિત રાજ્યોમાં એટર્ની-જનરલ તરીકે સેવા આપતા હતા.કમલા હેરિસે કહ્યું, "તે (બિડેનનો દીકરો બ્યૂ) મને કહેતો હતો કે તે (બિડેન) કેવા પિતા છે અને તે કેવા પ્રકારનો વ્યક્તિ છે. બ્યૂએ તેના પિતામાં જે ગુણોનો આદર કર્યો, તે મેં મારા રાષ્ટ્રપતિમાં જોયા. હું દરરોજ તેમની પ્રામાણિકતા, તેમની પ્રામાણિકતા, તેમની શ્રદ્ધા અને તેમના પરિવાર પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા, તેમનું વિશાળ હૃદય અને આપણા દેશ પ્રત્યેનો તેમનો પ્રેમ જુઓ - અને હું સાક્ષી છું કે અમારા રાષ્ટ્રપતિ જો બિડેન દરરોજ અમેરિકનો માટે શું કરે છે "લોકો માટે લડવું."કમલા હેરિસે જણાવ્યું કે બિડેન કાર્યક્રમમાં આવવા માગતા હતા પરંતુ તેઓ કોવિડથી સ્વસ્થ થઈ રહ્યા છે. "તે ઘણું સારું અનુભવી રહ્યો છે અને ખરેખર ઝડપથી સ્વસ્થ થઈ રહ્યો છે," તેણે કહ્યું. જો બિડેને ગઈકાલે જાહેરાત કરી હતી કે તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણી નહીં લડે. ડેમોક્રેટ પાર્ટીના નેતાઓ અને સમર્થકોના દબાણ બાદ તેમણે આ જાહેરાત કરી હતી. પોતાનું નામ પાછું ખેંચવાની સાથે જ બિડેને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે કમલા હેરિસની ભલામણ કરી હતી. આ પછી, ભૂતપૂર્વ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ નેન્સી પેલોસી સહિત વરિષ્ઠ ડેમોક્રેટ નેતાઓએ પણ તેમનું સમર્થન કર્યું.

## તંત્રી લેખ...

# પ્રમુખપદની રેસમાંથી હટી ગયા પછી પણ બિડેનનું વલણ નરમ નહોતું

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને બધાને ચોંકાવી દીધા અને રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી. બિડેને આ રેસમાંથી ખસી જવાના તેમના નિર્ણયને સમર્થન આપ્યું અને તેને એકદમ યોગ્ય ગણાવ્યું. તેમણે કહ્યું કે તેઓ કમલા હેરિસ માટે જોરશોરથી પ્રચાર કરશે.બિડેને સમર્થકોને કમલા હેરિસને એ જ રીતે સમર્થન કરવાની અપીલ કરી છે જે રીતે તેઓ મને સમર્થન આપી રહ્યા છે. તેમણે કહ્યું કે ચૂંટણી પ્રચારનું નામ બદલાઈ ગયું છે પરંતુ મિશન હજુ બદલાયું નથી અને અમારું મિશન ડોનાલ્ડ ટ્રમ્પને હરાવવાનું છે.બિડેને તેની ટીમને કહ્યું કે જો મને કોરોના ન થયો હોત તો હું અહીં તમારી સાથે બેઠો હોત, તમારી સાથે ઊભો હોત. તમે લોકોએ જે કર્યું છે તેના પર મને ગર્વ છે. કોરોનાને કારણે હું આગામી ત્રણથી ચાર દિવસ સુધી લોકોને મળી શકીશ નહીં પરંતુ હું જલ્દી જ લોકોની વચ્ચે આવીશ. હું ક્યાંય જવાનો નથી. હું ઈચ્છું છું કે લોકો યાદ રાખે કે અમે ખૂબ સારું કામ કર્યું છે.તેમણે ચૂંટણી પ્રચાર ટીમને કમલા હેરિસને પૂરા દિલથી સમર્થન આપવા અને ટ્રમ્પને હરાવવા માટે એક થવા વિનંતી કરી છે. તેણે કહ્યું કે હું પ્રચાર ટીમને કહેવા માંગુ છું કે તે (કમલા) ઉત્તમ છે. હું તેમના પ્રયત્નો માટે દરેકનો આભાર માનું છું. હું જાણું છું કે ગઈ કાલના સમાચાર ચોંકાવનારા છે પણ મારો નિર્ણય સાચો હતો. હું જાણું છું કે તે તમારા માટે સરળ ન હતું કારણ કે તમે મને જીતવા માટે તમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા હતા. પણ મેં સાચો નિર્ણય લીધો છે.બિડેને કહ્યું કે અલબત્ત ચૂંટણી પ્રચારનું નામ બદલવામાં આવ્યું છે પરંતુ અમારું મિશન હજુ બદલાયું નથી. હું કમલા હેરિસ માટે જોરદાર પ્રચાર કરીશ. આપણે લોકશાહી બચાવવાની જરૂર છે. ટ્રમ્પ આપણા સમુદાય અને દેશ માટે ખતરો છે. મારા વિદેશ નીતિના સાથીદારો, મારા સમકક્ષો અને વિશ્વભરના લોકોને પૂછો, તે હજુ પણ ખતરો છે. મને ખાતરી છે કે તમે મારા માટે જે પ્રકારની મહેનત કરી છે, તમે કમલા હેરિસને જીતવા માટે પણ તે જ કરશો.તમને જણાવી દઈએ કે બેડેને રવિવારે અચાનક પત્ર લખીને રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ ચૂંટણી નહીં લડે. બિડેનનો આ નિર્ણય ત્યારે આવ્યો જ્યારે ડેમોક્રેટિક પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને તેમના સમર્થકો તેમને તેમનું નામ પાછું ખેંચવાની અપીલ કરી રહ્યા હતા.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત સમગ્ર ગુજરાતમાં સપ્ટેમ્બર સુધીમાં ૧૨.૨૦ કરોડ વૃક્ષો વવાશે



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે તારણોપાય તરીકે મોટા પાયે વૃક્ષો વાવવા 'એક પેડ માં કે નામ' અભિયાન દેશભરમાં શરૂ કરાવ્યું છે. તાજેતરમાં વિશ્વ પર્યાવરણ દિવસ, પાંચમી જૂને વડાપ્રધાનશ્રીએ આ અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાની પ્રેરણા આપી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીના આ પર્યાવરણ પ્રિય વિચારોને આત્મસાત કરીને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ તથા ગ્રીન કવરની વૃદ્ધિ માટે ગુજરાતમાં 'એક પેડ માં કે નામ' અભિયાનને જન આંદોલન સ્વરૂપે વિસ્તારવાનો નિર્ધાર કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વન વિભાગ દ્વારા આ રાજ્યવ્યાપી અભિયાનને વધુ વેગવંતુ બનાવવાના આયોજનને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને આખરી ઓપ આપ્યો હતો. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પણ આ અભિયાન અન્વયે 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ' અંતર્ગત ૧૦૦ દિવસમાં ૩૦ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આ સંદર્ભમાં ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત આગામી સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીમાં સમગ્ર રાજ્યમાં ૧૨.૨૦ કરોડ વૃક્ષો વાવવાનો અને માર્ચ-૨૦૨૫ સુધીમાં કુલ મળીને ૧૭ કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ બેઠકમાં વન વિભાગ તરફથી થયેલા વૃક્ષ વાવેતરની વિગતો આપતાં જણાવવામાં આવ્યું હતું કે, ભારત સરકારના 'મેરી લાઈફ' પોર્ટલ પર દેશભરનાં રાજ્યોમાં વૃક્ષ વાવેતરની જે વિગતો નોંધાયેલી છે તે મુજબ અત્યાર સુધીમાં ગુજરાતે ૪ કરોડ ૩ લાખ ૩૩ હજાર વૃક્ષો ૩૩ જિલ્લાઓમાં વાવીને સમગ્ર દેશમાં બીજું સ્થાન મેળવ્યું છે. રાજ્યમાં યોજાનારા ૭૫મા વન મહોત્સવ દરમિયાન પણ 'એક પેડ માં કે નામ' અભિયાનને તાલુકા, ગ્રામ્ય સ્તરના વન મહોત્સવો સુધી વિસ્તારવામાં આવશે અને સમગ્રતયા ૧૦.૫૦ કરોડ રોપાઓનું વિતરણ કરાશે એમ પણ આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણ અનુકૂલન જીવનશૈલી 'મિશન લાઈફ' માટેની પણ પ્રેરણા આપી છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં પણ આ પર્યાવરણપ્રિય વિચારોને આગળ ધપાવતાં અમદાવાદ મહાપાલિકાએ 'એક પેડ માં કે નામ' અંતર્ગત 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ'નું બહુઆયામી આયોજન કર્યું છે. ૧૦૦ દિવસમાં ૩૦ લાખ વૃક્ષ વાવેતરનો આ નવતર અભિગમ અમદાવાદ મહાનગરપાલિકાએ શરૂ કર્યો છે. મહાનગરના ૪૮ વોર્ડ્સ, સાત ઝોન મળીને અંદાજે ૧૫ થી ૨૦ લાખ સ્ક્વેર મીટર વિસ્તારમાં આ વૃક્ષો વાવવાનું આયોજન છે. આ વૃક્ષોનું વાવેતર થતાં અમદાવાદ નગરના હાલના ગ્રીન કવરમાં ૬ થી ૮ ટકાનો વધારો થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરમાં બાગ-બગીચા, તળાવો, મહાનગરપાલિકાની માલિકીના પાર્ટીપ્લોટ, બિલ્ડિંગ, શાળા સંકુલો, રોડ સાઈડ પ્લાન્ટેશન તેમજ મિયાંવાકી પદ્ધતિથી વૃક્ષ વાવેતર વગેરેમાં મોટાપાયે જન ભાગીદારી જોડવા પણ બેઠકમાં સૂચનો કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દરેક અભિયાનમાં જેમ ગુજરાત અગ્રેસર રહ્યું છે તેમ 'એક પેડ માં કે નામ' અભિયાનમાં પણ વધુ ને વધુ વૃક્ષો વાવીને અગ્રેસર રહે તેવા સુદ્રઢ આયોજન માટે વન વિભાગ સહિતના સંબંધિત વિભાગોને મુખ્યમંત્રીશ્રીએ દિશાનિર્દેશો આપ્યા હતા.

**વિજ્ઞાનનો આટલો વિકાસ છતાં આજે પણ લોકો બાળક ન હોવા માટે સ્ત્રી ને જ જવાબદાર ગણે છે**

# શું બકુલા ખરેખર બીમાર હતી? કોઈ પણ તકલીફ હોય તો વિજ્ઞાન પાસે એટલે કે ડોક્ટર પાસે જાવ !



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પેલી સ્ત્રી વિધાત્રી વૈદ્ય પાછળ છુપાઈ ગઈ. એમણે એ યુવકને પૂછ્યું આપ કોણ છો! એમણે કહ્યું કે હું એનો પતિ છું, અને એને કંઈક વળગાડ વળગ્યો છે, એટલે એની વિધિ કરાવવા લઈ જાઉં છું, પણ એ માનતી નથી.**

આજકાલની વ્યસ્ત લાઈફમાં સૌ કોઈ ને કોઈ રોગના શિકાર બની રહ્યા છે અને એને કારણે એમને બાળક ન હોવાનાં કિસ્સાઓ વધતા જાય છે. આ ઉપરાંત આજની લાઈફ સ્ટાઈલ પણ બહુ મોજીલી બનતી જાય છે અને એને કારણે પણ શરીર રોગીષ્ટ થતું જાય છે! સહનશક્તિ ઘટતી જાય છે, એટલે દરેક ઘર પણ જાણે મહાભારતના કુરુક્ષેત્ર નું મેદાન હોય એમ કોઈને કોઈ પ્રકારનું યુદ્ધ ચાલતું જ હોય છે. તો સાવ સામાન્ય સંજોગોમાં પણ ઘણીવાર બહુ મોટી સમસ્યા હોય એવું રુપ આપી ને બસ ઝઘડતાં જોવા મળે છે. વિજ્ઞાન નો આટલો વિકાસ છતાં આજે પણ લોકો બાળક ન હોવા માટે સ્ત્રી ને જ જવાબદાર ગણે છે, અને ડોક્ટરની બદલે દોરા ધાગા અને તંત્રનો પ્રયોગ કરતાં હોય છે, અને આવા ઠગ એનો એ સ્ત્રી ને ભોગવવા સુધી નો દૂર ઉપયોગ કરે છે. આમ આપણું જીવન આપણે હાથે જ બગાડી નાખતા હોઈએ છીએ, બુધવાર ની બોધકથા માં આવો જ એક કિસ્સો.

આજે ક્લિનિકમાં ગડદી ન હોવાથી વિધાત્રી વૈદ્ય ટાઈમપાસ કરવા માટે છાપું જોઈ રહ્યા હતાં. અંધશ્રદ્ધામાં એક પતિએ પોતાની પત્ની પર તાંત્રીક ના કહેવાથી ચાબુકનાં સો ઘા માર્યા, ઓહ આ સમાજ પણ ક્યારેય અંધશ્રદ્ધામાંથી બહાર આવશે! બરાબર એ સમયે તેના ક્લિનિકમાં બકુલા નામની સ્ત્રી દોડતી દોડતી બેન મને બચાવી લ્યો! એમ કરતી આવી, અને થોડીવારમાં એની પાછળ એક શિક્ષિત યુવક પણ પ્રવેશ્યો, અને એને ખેંચવા લાગ્યો, પેલી સ્ત્રી વિધાત્રી વૈદ્ય પાછળ છુપાઈ ગઈ. એમણે એ યુવકને પૂછ્યું આપ કોણ છો! એમણે કહ્યું કે હું એનો પતિ છું, અને એને કંઈક વળગાડ વળગ્યો છે, એટલે એની વિધિ કરાવવા લઈ જાઉં છું,પણ એ માનતી નથી.

એમણે એને બેસવા કહ્યું ને પૂછ્યું તમે શું ખરેખર આવા વળગાડ અને દોરા ધાગામાં માનો છો? એના પતિએ કહ્યું શું કરું બેન! રુ ૫૦૦૦૦ દવામાં ખર્ચ્યા પણ કંઈ ફેર પડતો નથી, એટલે એક મિત્રએ તાંત્રિક પાસે જવા કહ્યું. વિધાત્રી બેને પૂછ્યું એને હકીકતમાં શું થાય છે? એટલે પેલાએ કહ્યું કે કોઈ કોઈ વાર નિંદરમાંથી જાગી જાય છે,ચીસો પાડે છે વાળ ખેંચવા લાગે છે, છરીથી પોતાના હાથ પર કાપા પાડે છે, અને ટપકતું લોહી જોઈને ખુશ થઈ ગઈ હોય તેમ નાચે છે. કોઈવાર કોઈ અન્યને છરી મારી દે તો? એટલે અમને લાગે છે કે એનામાં કોઈ ડાકણ કે ચુડેલ પ્રવેશી ગઈ હોય! વિધાત્રી બેને કહ્યું કે ચુડેલ કે ડાકણને તમે ક્યારેય જોઈ છે? મને માત્ર એક મહિનાનો સમય આપો! હું તેની વગર પૈસે દવા કરી તેને નોર્મલ કરીશ, પરંતુ તમારે મારી અમુક વાત માનવી પડશે. એક તો મારે એને એક વીક મારી પાસે રાખવા પડશે, તો જ એની હરકતો પર મારી નજર રહે.બીજું , તમે તેને લઈ થોડા દિવસ ક્યાંક ફરવા જઈ શકો, અથવા તો વતન પણ જઈ શકાય.આ ઉપરાંત તે શું ખાય પીવે છે તેનું પણ ધ્યાન રાખવું પડશે, પેલા યુવકે રાખવાની આનાકાની કરી, પરંતુ એણે કહ્યું કે જો એ નોર્મલ થાય તેમ ઈચ્છતા હોવ, તો આ એકમાત્ર ઈલાજ છે. બાકી તાંત્રિકો પાસે આનો ઈલાજ નથી, અને ક્યાંક પત્નીથી હાથ પણ ખોઈ બેસો! એમણે આગળ પુછતાં કહ્યું કે તમારે શું સંતાન છે? એણે કહ્યું અમારે સંતાન નથી, એટલે એક મહાત્માના દર્શને જતાં હતાં, અને ત્યાંથી પાછા ફર્યા ત્યારે જ આનો પગ કોઈ કુંડાળામાં પડી ગયો, એટલે ડાકણ વળગી ગઈ. એના પતિને બે દિવસ પછી લેવા આવવાનું કીધું,અને એ પોતાના દરદીને લઈને ઘરે આવી ગયા.

ઘરે આવ્યા પછી ચા પાણી પીધા અને પેલી સ્ત્રી હવે પોતાને સુરક્ષિત સમજતી હોવાથી, એણે કહ્યું કે મને હકીકતમાં કંઈ જ નથી, એમણે જે બીમારી દેખાડી એ તો હું જાણી જોઈને કરું છું. વિધાત્રી વૈદ્ય તેની સામે જોઈ રહ્યા, એ સ્ત્રીએ કહ્યું કે મારા પતિ જે સાધુની વાત કરતા હતાં, ત્યાં અમે ગયા, એણે એકાંતમાં મળવું પડશે એમ કહ્યું, અને એકાંતમાં મને એની બૂરી નિયતનો ખ્યાલ આવતાં હું બહાર દોડી આવી, એટલે તેણે મારા પતિને કહ્યું કે આ સ્ત્રી નકામી છે, તેને કોઈ સંતાન થશે નહીં. કહેવાતા એ સાધુની વાત સાંભળી મારા પતિ એકદમ નિરાશ થઈ ગયાં અને પોતાના મિત્ર સાથે વાત કરતા હતા એ હું સાંભળી ગઈ કે, આપણે તેને એ આશ્રમની બાજુમાં જ એક તાંત્રિક વિદ્યા જાણનારા પાસે લઈ જશું. હું એ વાત સાંભળી ગઈ, હકીકતમાં ૫૦૦૦૦ રુપિયા બાળક માટેના ડોક્ટરી ખર્ચ થયો, અને બીમારી મારા પતિમાં છે, પણ સમાજ શું કહેશે? એટલે બાળક માટે મને ત્યાં.... એની મને જાણ થઈ ગઈ હતી. જો હું ત્યાં આગળ જાઉં તો મારી ઈજ્જત જાય તેમ હતું, એટલે મારે તેની પાસે જવું ન હતું, એટલે મેં ખુદ બીમારી ઉભી કરી. સંતાનનું એની ઉપર એટલું ભૂત સવાર હતું કે સાચું ખોટું તેમને દેખાતું નથી.

વિધાત્રી વૈદ્યએ તેના પતિને બીજે દિવસે મળવા બોલાવ્યો, અને બધી જ વાત કરીને કહ્યું કે, વિજ્ઞાન ખૂબ જ આગળ વધી ગયું છે, અને ટેસ્ટ ટ્યુબ બેબીથી એકદમ સામાન્ય બાળક પ્રાપ્ત થાય છે,જેમ બ્લડ બેંક હોય તેમ આ રીતે વીર્યની બેંક પણ હોય છે. હું હેમાંગી હાથી નામની આ કામ કરતી ડોક્ટરનું કાર્ડ આપું છું, આપ તેને મળી લ્યો અને સુંદર બાળક માટેની તમામ તૈયારીઓ શરૂ કરો,ઓલ ધ બેસ્ટ !

મિત્રો વિજ્ઞાન કેટલું આગળ વધી ગયું છે, છતા આપણા સમાજમાં આવા કિસ્સાઓ બને છે, કઈ કેટલીયે સ્ત્રીઓ આવી ઘટનાનો ભોગ બને છે, એ આખરે શું સાબિત કરે છે?



**આપણે જો નક્કી કરીએ કે આજે સાંજે અરધો કલાક ચાલવું છે, તો મન નહીં ચાલવા માટેનાં બહાનાં શોધવા પાછળ તરત પડી જાય છે**

# મન બંધનનું મૂળ છે મન મુક્તિ ઉપાય વિકૃત મન બાંધ્યું રહે નિર્વીકાર ખુલી જાય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આપણે જ લીધેલા નિર્ણયને તોડીને આપણે એક આસુરી આનંદ માણીએ છીએ. થોડા સમય પછી આપણને દુઃખ થાય છે કે આપણે શા માટે બહાનું કાઢીને અરધો કલાક ચાલવાનું ટાળ્યું ? આમ આપણે આપણી જાતને જ શક્તિહીન બનાવીએ છીએ.તો આવો મન વિશે થોડું જાણીએ.**

મન મેલા, તન ઊજલા, બગલા કપટી અંગ, તાતે તે કૌઆ ભલા, તન મન એકહી રંગ. મન હોય તો માળવે જવાય. મન માંકડા જેવું છે. એ સતત કંઈ ને કંઈ કર્યા કરતું હોય છે પણ એ કંઈ ને કંઈ કરે એને માટે જેટલો વાંધો છે એના કરતાં એ આપણને ઉંઘે રસ્તે લઈ જાય છે એને માટે આપણને વધારે વાંધો હોય છે. આપણે જો નક્કી કરીએ કે આજે સાંજે અરધો કલાક ચાલવું છે, તો મન નહીં ચાલવા માટેનાં બહાનાં શોધવા પાછળ તરત પડી જાય છે. અને આપણે એ અરધો કલાક ન ચાલી એ એને માટે સતત આપણું મન પ્રયત્ન કરતું હોય છે. આપણે જ લીધેલા નિર્ણયને તોડીને આપણે એક આસુરી આનંદ માણીએ છીએ. થોડા સમય પછી આપણને દુઃખ થાય છે કે આપણે શા માટે બહાનું કાઢીને અરધો કલાક ચાલવાનું ટાળ્યું ? આમ આપણે આપણી જાતને જ શક્તિહીન બનાવીએ છીએ.તો આવો મન વિશે થોડું જાણીએ.


મનુષ્યના મનમાં એક યા બીજા પ્રકારના વિચારો અવિરત ચાલતા જ હોય છે.એ ક્ષણ માટે પણ સ્થિર રહેતું નથી.એટલે જ અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને ગીતામાં કહે છે કે "હે કૃષ્ણ, આ મન ખૂબ જ ચંચળ છે. ઈન્દ્રિયોને વિહવળ કરનારું, બળવાન અને હઠીલું છે.એને રોકવું એ તો વાયુને રોકવા જેવું અત્યંત મુશ્કેલ કાર્ય છે." ત્યારે શ્રીકૃષ્ણ અર્જુનની વાતનું સમર્થન કરતાં કહે છે કે "તારી વાત સાચી છે. મન ચંચળ અને સહેલાઈથી વશ થાય તેવું નથી. છતાં પણ હે અર્જુન તે અભ્યાસ અને વૈરાગ્યથી જરૂર વશ થાય છે. આમ ભગવાને મનને વશ કરવા માટે અભ્યાસ એટલે કે મન ને રોજેરોજ તાલીમ આપવાનો અને વૈરાગ્યનો માર્ગ બતાવી દીધો છે.

આપણું મન અતિ ચંચળ છે. સરકસના સિંહ જેવું છે. જ્યારે સરકસના સિંહને શરૂઆતમાં તાલીમ આપવામાં આવે છે, ત્યારે તે ઘૂરકિયાં કરે છે. રીંગ માસ્ટરના એકે ય આદેશનું પાલન કરતો નથી પણ છતાં ય રીંગ માસ્ટર એને છોડતો નથી. તેને રોજેરોજ ફરજિયાત તાલીમ આપે છે. એની પાસે પરાણે કામ કરાવે છે. પછી સિંહને થાય છે કે હવે તાબે થયા વગર છૂટકો જ નથી. એ સહકાર આપવા લાગે છે અને પછી તો કેવો આજ્ઞાપાલક બની જાય છે ! એવું જ મનનું છે. શરૂઆતમાં જ્યારે તેને કોઈ વસ્તુકે વિષય પર એકાગ્ર કરવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે તે ખૂબ છટપટવા લાગે છે. કેમે ય એકાગ્ર થતું નથી. બળવો પોકારે છે. ભાગદોડ મચાવી દે છે. પણ રીંગમાસ્ટરની જેમ આપણે આપણા મનને ફરજિયાતપણે તાલીમ આપવાની રહે છે. રોજ નિશ્ચિત સમયે આ તાલીમ આપવાથી પછી મનને ખબર પડી જાય છે કે અહીં મારું ચાલવાનુ નથી એટલે છટપટવાનું બંધ કરીને સહકાર આપતું થઈ જાય છે. આ તાલીમ માટેની વિવિધ પદ્ધતિઓ આ માર્ગના નિષ્ણાતોએ બતાવેલી છે. તે આપણે હવે જોઈએ. શ્રીમાતાજીએ આ પદ્ધતિ બતાવેલી છે. તેઓ કહે છે, "મનને મૌન રાખતાં, એકાગ્રતા કરતાં શીખવવાનું છે. જો તમે તેના માટે સીધે સીધો પ્રયત્ન કરશો તો એ મુશ્કેલ છે. કેમકે મનનો સહુથી મોટો ભાગ એનું કાર્ય કરવાનું બંધ કરતો નથી. એ ટેપરેકોર્ડરની માફક સતત ચાલ્યા કરે છે. રેકોર્ડ થયેલી વસ્તુઓનું પુનરાવર્તન કર્યા કરે છે. પણ જો તમે તમારી ચેતનાને સામાન્ય મનથી ઉપરના પ્રદેશમાં ઉઠાવી દો તો પ્રકાશ પ્રત્યેનું એ ઉદ્દઘાટન તમારા મનને શાંત કરી દે છે. પછી એ હલન-ચલન કરતું નથી. એકવાર એ પ્રદેશમાં ગયા પછી તમે એમાંથી પાછા ન આવો તેવું બને અને તમારું બાહ્ય મન શાંત રહે છે." આ પદ્ધતિમાં સતત ભ્રમણ કરી રહેલા મનને દિવ્ય ચેતના પ્રત્યે ખુલ્લું કરવાનું છે. તેમાં તે માટેની અભીપ્સા અને સતત પ્રાર્થના કરતા રહેવાથી તેમ જ, દિવ્ય ચેતનાનું આવાહન કરીને તે મનના પ્રદેશોમાં ઊતરી રહી છે તેવી શ્રદ્ધાપૂર્વક ભાવના કરવાથી, પછી એ ભાવના વાસ્તવિકતામાં પરિણમવા લાગે છે. મનને દિવ્ય ચેતનાનો જેમ જેમ સ્પર્શ થતો જાય છે, તેમ તેમ તેનામાં શાંતિ અને સ્થિરતા આવતાં જાય છે. પણ તો એ મનમાં શાંતિ સ્થાયી બની રહે છે. મન ગમે તે કામમાં રોકાયેલું હોય તો પણ એ શાંતિમાં સ્થિર હોય છે

નાના બાળકનેજેમ સમજાવવામાં આવે છે, તે જ રીતે મનને પણ સમજાવવું પડે છે. એની સાથે વાર્તાલાપ કરવો પડે છે. સાચું શું છે, એ મનની આગળ વારંવાર રજૂ કરવું પડે છે. એકવાર મનને સાચી વસ્તુ સમજાઈ જાય અને તેમાં એ દૃઢ થઈ જાય તો પછી તે પ્રમાણે વર્તન કરવા લાગે છે.મનને સમજાવવામાં શાસ્ત્રોના વચનો અને સંતોનો બોધ જરૂર લાભ દાયી બને, પરંતુ જો મન તૈયાર ન હોય તો એ બધું ક્ષણિક નીવડે છે. આથી વ્યક્તિએ પોતે જ પોતાના મનનો અભ્યાસ કરીને, તેની પ્રકૃતિ જાણીને પછી તેને સમજાવવું પડે છે.જ્યાં સુધી વ્યક્તિને પોતાને આંતરિક રીતે મનની શાંતિની જરૂર જણાતી નથી ત્યાં સુધી બહારની મદદ ઉપયોગી નીવડતી નથી. વ્યક્તિએ પોતે જાગૃત થવાનું છે,મનને જાણવાનું છે અને પછી એ મનને સમજાવવાનું છેકે અત્યાર સુધી જે ચિંતાઓ કરી,જે વિચારો કર્યા બીજાઓ વિશે જે અભિપ્રાયો બાંધ્યા ને જે દોડાદોડી કરી તેનાથી આખરે મળ્યું શું ? થાક નિરાશા, દુઃખ વગરે જ તો.જો આ બધું ન કર્યું હોત તો જીવન જીવી શકાયું હોત કે નહીં ? તોએ જીવન કેવું હોત? એમાં શાંતિ હોત. વ્યર્થ દોડાદોડ ન હોત.ચિંતા કે ઉદ્વેગ ન હોત! આવી ઉત્કૃષ્ટ સ્થિતિ છોડીને મનની પાછળ શા માટે ભટકું છું ? જાગ્યા ત્યાંથી સવાર. હવે મનની પાછળ બિલકુલ દોડવું નથી. તેમ છતાં જો મન ભટકવા લાગે તો મનને જોરથી કહેવું પડે છે કે 'બસ બહુ થયું, હવે તું ચૂપ રહે." થોડો વખત સભાનપણે આ રીતે કરવાથી મન શાંત થવા લાગે છે. મનની એવી પ્રકૃતિ છે કે જેમાં તેને રસ પડે તેમાં તે પૂરેપૂરું એકાગ્રથઈ જાય છે. પરંતુ મોટેભાગે મનુષ્યોના રસના વિષયો નિમ્ન હોવાથી મન ની શક્તિઓ અધોગામી બનીને વેડફાઈ જાય છે. જેમને ફિલ્મ જોવામાં રસ હોય છે, તેઓ તે જોવામાં એટલા તન્મય બની જાય છે કે તેમને આજુબાજુનું કંઈ ભાન રહેતું નથી.એ જ રીતે જેમને નાચ-ગાન માં રસ હોય છે, તેઓ આખી રાત જાગીને નાચ-ગાન કરે છે,એમાં એમને નથી ઊંઘ આવતી કે નથી થાક લાગતો.નાચગાનના જલસામાં તેઓ પોતાની જાતને પણ ભૂલી જતા હોય છે. આમ મનની એકાગ્ર થવાની સ્વાભાવિક સ્થિતિ તો છે જ. પણ તેના રસના વિષયો જુદા છે. જો એ રસના વિષયો બદલી નાંખવામાં આવે તો એકાગ્રતા જલ્દી આવે છે.

કાબૂમાં લેવાનો પહેલો પાઠ એ છે કે અમુક સમય માટે શાંતિથી બેસી રહેવું ને મનને દોડી લેવા દેવું. મનમાં વૃત્તિના ઉછાળા પળેપળે ઊછળ્યા જ કરે છે. એ પેલા કૂદાકૂદ કરતા વાંદરા જેવી સ્થિતિમાં હોય છે. વાંદરાને ગમે તેટલું કૂદવા દો; તમે માત્ર શું થાય છે, તે જોયા કરો. એક કહેવત છે કે જ્ઞાન એ શક્તિ છે, એ સાચું છે. મન શું કરે છે, એ જાણો નહીં ત્યાં સુધી તમે તેને નિયમનમાં નહીં રાખી શકો. એને લગામ ચડાવો; ઘણા ભયંકર વિચારો એમાં આવી શકે; આવા વિચારો મનમાં આવી શકે તે વાતથી કદાચ તમને આશ્ચર્ય થશે, પણ પછી જણાશે કે દિવસે દિવસે મનની ચંચળતાનું જોર ઘટતું જાય છે. એ શાંત બનતું જાય છે. શરૂઆતના થોડા મહિનામાં તમને જણાશે કે મનમાં આવતા વિચારો થોડાઘણા ઓછા થયા છે. ધીમે ધીમે વખત જતાં એ સાવ ઓછા થતા જણાશે અને છેવટે મન સંપૂર્ણ કાબુમાં આવી જશે પણ આપણે ધીરજ રાખી પ્રતિદિન અભ્યાસ ચાલુ રાખવો જોઈએ આમાં મન ઉપર સીધું નિયંત્રણ મૂકવાની વાત નથી. પણ મનને છુટ્ટું મૂકી દેવાનું છે. પરંતુ સાથે સાથે મનની દરેક ગતિવિધિને જોતા રહેવાની પણ છે.જેમ સી.આઈ.ડી. ઈન્સ્પેકટર કોઈ વ્યક્તિની પાછળ પડયો હોય તો તે તેની તમામ કાર્યવાહીને દૂર રહીને છૂપી રીતે જોયા કરતો હોય છે. એમ મનના ભ્રમણોમાં આનંદ લીધા વગર, એમાં ઓતપ્રોત થયા વગર તેનું નિરીક્ષણ કરવાનું છે.આ રીતે સતત નિરીક્ષણથી મન પછી આપોઆપ શાંત થવા લાગે છે. પણ આ પ્રક્રિયા કંઈ એક દિવસમાં સિદ્ધ થઈ જતી નથી. ઘણો લાંબો સમય લાગે છે. પણ ધીરજપૂર્વક સતત પ્રયત્ન કરવાથી મનની શાંતિ ની જે ઉપલબ્ધિ થાય છે, તે કંઈ જેવી તેવી નથી ! આ સંદર્ભમાં શ્રી રામકૃષ્ણદેવે એમના એક શિષ્યને દિશા બદલવાની વાત કરી હતી. શિષ્યે શ્રીરામકૃષ્ણદેવને પૂછ્યું હતું કે મનમાંથી વાસના કેવી રીતે દૂર થાય ?તેને ઉત્તરમાં તેમણે કહ્યું હતું કે પશ્ચિમ દિશામાંથી જો બહાર નીકળવું હોય તો પૂર્વ દિશા તરફ ચાલવા માંડવાનું એટલે પશ્ચિમ દિશા આપોઆપ છૂટી જશે.એ જ રીતે મનને ભગવાન તરફ વાળી દે. મનમાંથી કામ આપોઆપ ચાલ્યો જશે. મનને શાંત કરવા માટે મનની સાથે ઝઘડો કરવાની જરૂર નથી કલાકોના ધ્યાન કરવાથી પણ જરૂર નથી ફક્ત જરૂર છે મનની દિશા બદલવાની મનના રસના વિષયો બદલવાની જો રસનો વિષય સર્વસુંદર એવા ભગવાન જ હોય તો પછી એ મન મીરાંની જેમ રાજપાટના વૈભવ વિલાસની વચ્ચે પણ શ્યામ સુંદર કૃષ્ણ પરથી સહેજે દૂર થઈ શકતું નથી.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ખેડૂતો પશુપાલકો મેઘરાજાના આગમન વગર ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વિહવળ બન્યા છે ત્યારે પ્રાર્થના કરીએ કે હવે મેઘરાજા મહેરબાની કરે.





# ‘કંગુવા’માં સૂર્યા ૩ અલગ લૂકમાં દેખાશે

## સૂર્યાને તેના ફેન્સે છેલ્લે અક્ષય કુમારની ‘સરફિરા’માં કેમિયો કરતા જોયો હતો

સૂર્યાની બહુપ્રતિક્ષિત ‘કંગુવા’ ૧૦ ઓક્ટોબરે થિએટરમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મમાં સૂર્યાનો ખતરનાક એક્શન અંદાજ જણાય છે. રિલીઝ પૂર્વે જાણવા મળેલી માહિતી મુજબ, આ ફિલ્મમાં સૂર્યા ૩ અલગ અલગ અવતારમાં જોવા મળશે. ફિલ્મ સાથે સંકળાયેલા સોસીસે માહિતી આપી છે કે, સૂર્યા આ ફિલ્મમાં ત્રણ પાત્ર ભજવે છે અને એ ત્રણેય માટે તેણે અલગ લૂક અપનાવ્યા છે, જેના માટે તેણે ખૂબ મહેનત કરી છે કારણ કે આ ત્રણેય પાત્ર ફિલ્મ માટે ખૂબ મહત્વના છે. જે ફિલ્મમાં અલગ અલગ લેયર ઉમેરે છે. ‘કંગુવા’માં સૂર્યા લીડ રોલમાં છે, જેના બે લૂક પહેલાંથી જ જાહેર થઈ ચૂક્યા છે, જે દર્શકોમાં ફિલ્મ વિશે વધુ ઉત્સુકતા જગાવે છે. એવું માનવામાં આવે છે કે, આ ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી મોંઘી ફિલ્મ હશે, જેના માટે વિશ્વભરના શ્રેષ્ઠ ટેક્નિશિયન્સ લાવવામાં આવ્યા છે. કારણ કે આ એક અનોખી પૌરાણિક કાળની ફિલ્મ છે. આ ફિલ્મથી બૉબી દેઓલ, દિશા પટાણી જેવા કલાકારો તમિલ સિનેમામાં ડેબ્યુ પણ કરશે.

**દરેક લૂક માટે સૂર્યાએ ખૂબ ટ્રાન્સફોર્મેશન કર્યું**

**‘ખેલ ખેલ મેં’, ‘સ્કાય ફોર્સ’ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ થશે, સાથે ‘સ્ત્રી ૨’માં પણ કેમિયો કર્યો હતો**

# અક્ષય કુમારની ૩ ફિલ્મો એક જ દિવસે રિલીઝ થશે

## હજુ તો તેના એક મહિના પહેલાં જ તેની ‘સરફિરા’ રિલીઝ થઈ છે, પણ બોક્સ ઓફિસ પર કોઈ ખાસ કમાણી કરી શકી નથી

હાલનો સુપર સ્ટારની ફિલ્મોનો ટ્રેન્ડ એવો છે કે મુશ્કેલથી બે કે ત્રણ વર્ષે તેમની એક મોટી ફિલ્મ આવતી હોય છે. પરંતુ અક્ષય કુમારના કેસમાં આવું નથી, તેની ફિલ્મો આખું વર્ષ થિએટરમાં જોવા મળતી રહે છે. જોકે ફિલ્મ વિશ્લેશકો અને નિષ્ણાતો આ જ બાબતને અક્ષય કુમારની ફિલ્મો ફ્લોપ જવાનું કારણ ગણાવે છે. આ જ કારણ છે કે અક્ષય કુમારના ફૅન્સને તેની ફિલ્મોની આતુરતા કે ઉત્સુકતા રહેતી નથી. તેનું પરિણામ બોક્સ ઓફિસ પર દેખાય છે. એ જ બાબત છેલ્લી કેટલીક ફ્લોપ ફિલ્મો માટે પણ જવાબદાર ગણવામાં આવે છે. ઘણા ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ એકબીજા સાથે ક્લેશ ચાળવા સતત પ્રયત્ન કરતાં રહેતાં હોય છે, તેનાથી ઉલટું હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે એક વર્ષ તો છોડો પણ એક જ દિવસમાં અક્ષય કુમારની એક સાથે ત્રણ ફિલ્મો એક જ દિવસે રિલીઝ થશે અને એકબીજા સાથે ક્લેશ થશે. આ ત્રણ ફિલ્મો ૧૫ ઓગસ્ટના દિવસે જ રિલીઝ થવા જઈ રહી છે. અક્ષયની નવી ફિલ્મ ‘ખેલ ખેલ મેં’ ૧૫ ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે. હજુ તો તેના એક મહિના પહેલાં જ તેની ‘સરફિરા’ રિલીઝ થઈ છે, જે પણ બોક્સ ઓફિસ પર કોઈ ખાસ કમાણી કરી શકી નથી. હજુ તો આ ફિલ્મ થિએટરમાં ચાલી રહી છે, ત્યાં તેની બીજી ત્રણ ફિલ્મો રિલીઝ થવાની તૈયારીઓ થવા લાગી છે. આ ઉપરાંત ૧૫ ઓગસ્ટે ‘સ્ત્રી ૨’ રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં પણ અક્ષય કિમારે કેમિયો કર્યો છે. ‘સ્કાફોર્સ’ ફિલ્મનું ટીઝર રિલીઝ થઈ ચૂક્યું છે. તે પણ ૧૫ ઓગસ્ટના દિવસે જ રિલીઝ થશે. આ ફિલ્મમાં પણ અક્ષય છે. હાલના સમયે જ્યારે એક હિરો પોતાની ફિલ્મ માટે પહેલા દિવસે ૨.૫ કરોડની કમાણી માટે પણ સંઘર્ષ કરે છે, ત્યારે તેના માટે એક જ દિવસમાં ત્રણ અલગ ફિલ્મમાં એક સાથે દેખાવું એક કલાકાર માટે ડ્હાપણભર્યું ગણવામાં આવતું નથી. એવું બનશે કે ૧૫ ઓગસ્ટે દર્શકો કોઈ પણ થિએટરમાં કોઈ પણ સ્ક્રીનમાં નવી ફિલ્મ જોવા જાય અને તેમને દેખાશે તો અક્ષય કુમાર જ, પરંતુ અક્ષય કુમાર આ અંગે ખાસ ચિંતિત નથી.







### ભૂતકાળમાં રણબીર કપૂરનું નામ કેટરિના-દીપિકા સાથે જોડાયેલુ હતું

# બે સફળ એક્ટ્રેસ સાથે ડેટિંગના કારણે મારા માથે ચીટરનું લેબલ લાગ્યુ: રણબીર કપૂર

## બોલિવૂડમાં લવરબોયની ઈમેજ ધરાવતા સ્ટાર્સમાં અક્ષય કુમાર અને રણબીર કપૂરનું નામ મોખરે



બોલિવૂડમાં લવરબોયની ઈમેજ ધરાવતા સ્ટાર્સમાં અક્ષય કુમાર અને રણબીર કપૂરનું નામ મોખરે છે. ટ્વિન્કલ ખન્ના સાથે લગ્નને ઘણો સમય થઈ ગયો હોવાથી અક્ષયના જૂના અફેર્સની ખાસ ચર્ચા થતી નથી, પરંતુ રણબીર અને આલિયાના લગ્નને વધારે સમય થયો નથી. જેના કારણે રણબીરની પર્સનલ લાઈફ વિસરાઈ નથી. રણબીર કપૂરે પોતે સ્વીકાર્યું હતું કે, ભૂતકાળમાં બે સફળ અને સુંદર એક્ટ્રેસ સાથે ડેટિંગના કારણે તેના માથા પર ચીટરનું લેબલ લાગ્યું હતું. ‘એનિમલ’ની સફળતા પછી રણબીર કપૂરે સફળ સ્ટાર્સની કેટેગરીમાં નામ મેળવ્યું છે. રણબીરનું નામ અગાઉ જેની સાથે જોડાયું હતું, તે બંને એક્ટ્રેસ પણ એ-ગ્રેડની ગણાય છે. રણબીર કપૂરે દીપિકા પાદુકોણ અને કેટરિના કૈફ સાથે લાંબો સમય ડેટિંગ કર્યું હોવાનું કહેવાય છે. લગ્ન અગાઉ રણબીરની પર્સનલ લાઈફ ખૂબ જ ચર્ચાસ્પદ હતી અને સંખ્યાબંધ એક્ટ્રેસ સાથે તેનું નામ જોડાયું હતું. રણબીરના ઈન્ટરવ્યૂ પણ તે પ્રકારના જ રહેતા હતા, જેમાં તેની ઈમેજ લવરબોય જેવી થતી હતી. રણબીરે નિખિલ કામથના પોડકાસ્ટ એપિસોડમાં પર્સનલ લાઈફ અંગે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં બે સફળ એક્ટ્રેસ સાથે અફેરના કારણે તેની ઈમેજ ચીટર અને કાસાનોવા જેવી થઈ હતી. રણબીરના આ અફેરની વાત જૂની થઈ છે અને હવે તે પોતાના જીવનમાં આગળ વધી ચૂક્યો છે. એપ્રિલ ૨૦૨૨માં રણબીર અને આલિયાના લગ્ન થયાં હતા. લગ્ન પછી રણબીર ઠરીઠામ થયો હોવાનું મનાય છે ત્યારે દીકરી રાહાના જન્મ પછી જીવનમાં ઘણાં પરિવર્તન આવ્યાં હોવાનું રણબીરે પણ સ્વીકાર્યું હતું. રાહાની વાત કરતાં રણબીરે કહ્યું, કોઈએ કાળજું બહાર કાઢીને હાથમાં આપી દીધું હોય તેવું લાગે છે. રણબીર રણબીરના પોડકાસ્ટની એક ઝલક હજુ શેર થઈ છે. આગામી સમયમાં આખો એપિસોડ આવશે. તેમાં રણબીરે પર્સનલ લાઈફ અંગે કેટલા ખુલાસા કર્યા છે તે જોવાનું રહેશે.

# લેન્સ પહેરવાના કારણે જાસ્મિનની આંખના પડદાને ભારે નુકસાન





બોલિવૂડમાં લવરબોયની ઈમેજ ધરાવતા સ્ટાર્સમાં અક્ષય કુમાર અને રણબીર કપૂરનું નામ મોખરે છે. ટ્વિન્કલ ખન્ના સાથે લગ્નને ઘણો સમય થઈ ગયો હોવાથી અક્ષયના જૂના અફેર્સની ખાસ ચર્ચા થતી નથી, પરંતુ રણબીર અને આલિયાના લગ્નને વધારે સમય થયો નથી. જેના કારણે રણબીરની પર્સનલ લાઈફ વિસરાઈ નથી. રણબીર કપૂરે પોતે સ્વીકાર્યું હતું કે, ભૂતકાળમાં બે સફળ અને સુંદર એક્ટ્રેસ સાથે ડેટિંગના કારણે તેના માથા પર ચીટરનું લેબલ લાગ્યું હતું. ‘એનિમલ’ ફિલ્મની સફળતા પછી રણબીર કપૂરે સફળ સ્ટાર્સની કેટેગરીમાં નામ મેળવ્યું છે. રણબીરનું નામ અગાઉ જેની સાથે જોડાયું હતું, તે બંને એક્ટ્રેસ પણ એ-ગ્રેડની ગણાય છે. રણબીર કપૂરે દીપિકા પાદુકોણ અને કેટરિના કૈફ સાથે લાંબો સમય ડેટિંગ કર્યું હોવાનું કહેવાય છે. લગ્ન અગાઉ રણબીરની પર્સનલ લાઈફ ખૂબ જ ચર્ચાસ્પદ હતી અને સંખ્યાબંધ એક્ટ્રેસ સાથે તેનું નામ જોડાયું હતું. રણબીરના ઈન્ટરવ્યૂ પણ તે પ્રકારના જ રહેતા હતા, જેમાં તેની ઈમેજ લવરબોય જેવી થતી હતી. રણબીરે નિખિલ કામથના પોડકાસ્ટ એપિસોડમાં પર્સનલ લાઈફ અંગે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં બે સફળ એક્ટ્રેસ સાથે અફેરના કારણે તેની ઈમેજ ચીટર અને કાસાનોવા જેવી થઈ હતી. રણબીરના આ અફેરની વાત જૂની થઈ છે અને હવે તે પોતાના જીવનમાં આગળ વધી ચૂક્યો છે. એપ્રિલ ૨૦૨૨માં રણબીર અને આલિયાના લગ્ન થયાં હતા. લગ્ન પછી રણબીર ઠરીઠામ થયો હોવાનું મનાય છે ત્યારે દીકરી રાહાના જન્મ પછી જીવનમાં ઘણાં પરિવર્તન આવ્યાં હોવાનું રણબીરે પણ સ્વીકાર્યું હતું.

# શું ખરેખર કરીના કપૂર એક ફિલ્મ માટે ૧૦-૧૫ કરોડ રૂપિયા લે છે?

## આજકાલ, શોબિઝના કોરિડોરમાં કલાકારોની ટીમ અને કર્મચારીઓ પરના ખર્ચની ફિલ્મના બજેટ પરની અસરને લઈને ઘણી બધી ચર્ચા થઈ રહી છે



આજકાલ, શોબિઝના કોરિડોરમાં કલાકારોની ટીમ અને કર્મચારીઓ પરના ખર્ચની ફિલ્મના બજેટ પરની અસરને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. દરેક અભિનેતા અને નિર્માતા આ અંગે ખુલીને વાત કરી રહ્યા છે. જ્યારે કરીનાની ૧૦ થી ૧૫ કરોડ રૂપિયાની ફી વિશે ચર્ચા થઈ હતી, ત્યારે અભિનેત્રીએ તેનો ઈનકાર કર્યો ન હતો પરંતુ શરમાઈને કહ્યું હતું કે આવું વારંવાર થતું નથી, કેટલીકવાર તે ખૂબ ઓછી ફી પણ લે છે. બોલિવૂડની ‘પૂ’ એટલે કે કરીના કપૂર એક ફિલ્મ માટે ૧૦ થી ૧૫ કરોડ રૂપિયા લે છે. તે પોતે પણ આ અફવાને સમર્થન આપતી હોય તેવું લાગી રહ્યું છે. તેણે એક વાતચીત દરમિયાન આ અંગે ચર્ચા કરી અને શા માટે આવું થાય છે તે સમજાવ્યું. શા માટે તેઓ ડબલ ડિજિટમાં ફી લે છે? આજકાલ, શોબિઝના કોરિડોરમાં કલાકારોની ટીમ અને કર્મચારીઓ પરના ખર્ચની ફિલ્મના બજેટ પરની અસરને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. દરેક અભિનેતા અને નિર્માતા આ અંગે ખુલીને વાત કરી રહ્યા છે. જ્યારે કરીનાની ૧૦ થી ૧૫ કરોડ રૂપિયાની ફી વિશે ચર્ચા થઈ હતી, ત્યારે અભિનેત્રીએ તેનો ઈનકાર કર્યો ન હતો પરંતુ શરમાઈને કહ્યું હતું કે આવું વારંવાર થતું નથી, કેટલીકવાર તે ખૂબ ઓછી ફી પણ લે છે. ધ વીકને આપેલા ઈન્ટરવ્યુમાં કરીનાએ કહ્યું - મને આશા છે કે આવું થશે, મને આશા છે કે તમે જે કહી રહ્યા છો તે સાચું હશે. આ મારા અભિનય વિશે નથી... હું જે ફિલ્મો પસંદ કરું છું તે પૈસા વિશે નથી, હું તેના વિશે ખૂબ જ સ્પષ્ટ છું. તે ક્યારેય પૈસા વિશે નથી. જો મને કોઈ રોલ ગમે છે, તો હું ઓછા પૈસામાં ફિલ્મ કરી શકું છું, તે મારા મૂડ પર નિર્ભર કરે છે, ફિલ્મ શું છે, રોલ શું ઓફર કરે છે તેના પર નિર્ભર છે, હું તે સ્તર પર છું જ્યાં મને લાગે છે કે હું કંઈપણ કરી શકું છું. જો તે મોટી કમર્શિયલ ફિલ્મ છે, તો તમારા આંકડા ઓછા છે. આ જ ઈન્ટરવ્યુમાં કરીનાએ સૈફ અલી ખાન સાથેના સંબંધો વિશે પણ વાત કરી હતી. વર્કિંગ પેરન્ટ હોવાના નાતે તેઓ કેવી રીતે એકબીજાનો સામનો કરી શકે છે તે વિશે વાત કરતાં કરીનાએ કહ્યું હતું કે તે ખૂબ જ મુશ્કેલ છે.

### ‘વેદા’માં શર્વરીને ફાઈટર બનાવનારા કોચનો રોલ જ્હોને કર્યો છે

# ગુરુ પૂર્ણિમાઃ ગુરુને શર્વરીનું વચન, અનન્યાએ કહ્યું-ઓમ નમઃ શિવાય

## ચારે તરફ તેના ગુરુજીના ફોટોગ્રાફ્સ, હેમા માલિની, અને જેકલીન પણ તેમને માને છે

ગુરુ પૂર્ણિમા નિમિત્તે ઠેર-ઠેર પૂજન, સત્સંગ સહિતના કાર્યક્રમ યોજાયા હતા. ગુરુજીને પ્રણામ કરતાં ફોટોગ્રાફ્સ અનેક લોકોએ શેર કર્યા હતા. આ વિશેષ દિવસે શર્વરી વાઘે રીલ લાઈફના ગુરુ જ્હોન અબ્રાહમને એક વચન આપ્યું હતું. શર્વરીએ આગામી ફિલ્મ વેદાનો ફોટોગ્રાફ શેર કર્યો હતો અને અભિમન્ય સર (જ્હોન) એ ફાઈટર બનાવી હોવાનું જણાવ્યું હતું. અનન્યા પાંડેએ બ્રેસલેટ પહેરેલી પોસ્ટ શેર કરી ઓમ નમઃ શિવાય કહ્યું હતું. આ બ્રેસલેટમાં ચારે તરફ તેના ગુરુજીનો ફોટોગ્રાફ હતો. શર્વરી વાઘની છેલ્લી બે ફિલ્મ મહારાજા અને મુંજ્યા સફળ રહી છે. શર્વરીની આગામી ફિલ્મ વેદા છે. આ ક્રાઈમ થ્રિલરમાં જ્હોન અબ્રાહમ લીડ રોલમાં છે. સતત ત્રીજી ફિલ્મમાં શર્વરીની એક્ટિંગને જોવા ઓડિયન્સ ઉત્સુક છે ત્યારે તેણે આ ફિલ્મનું પોસ્ટર શેર કર્યું છે. જ્હોન અબ્રાહમ સાથેના એક સીનના આ પોસ્ટરમાં શર્વરીના ઘૂંટણ અને હાથ છોલાયેલા છે તથા જ્હોન તેને પાણી આપી રહ્યો છે. શર્વરીએ પોતાની પોસ્ટમાં અભિમન્યુ સરનો આભાર માન્યો હતો. સાથે કહ્યું હતું ‘મારી દુનિયામાં એક માત્ર તમે જ એવી વ્યક્તિ છો જેણે ક્યારેય ભેદ નથી રાખ્યો. તમે મારા ગુરુ છો, જેમણે સાથ આપ્યો છે. લડતાં શીખવ્યું છે. દુનિયાની નીતિ-રીતિ સામે મને તમે ફાઈટર બનાવી છે. તમે મારી પ્રેરણા છો અને ગુરુપૂર્ણિમાના દિવસે વેદાનું આ વચન છે કે, અન્યાય સામે શરૂ થયેલી મારી આ લડત છેક સુધી જારી રહેશે અને હું જીતીશ.’ શર્વરી અને જ્હોનનો આ એક્શન અંદાજ સોશિયલ મીડિયા પર ખૂબ લાઈક થયો હતો. આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ થવાની છે. તેની સીધી ટક્કર શ્રદ્ધા કપૂરની હોરર કોમેડી ‘સ્ત્રી ૨’ અને અક્ષય કુમાર-તાપસી પન્નુની ‘ખેલ ખેલ મૈં’ સાથે થવાની છે. અનન્યા પાંડેએ ઈન્સ્ટાગ્રામ પર પોતાના હાથનો ક્લોઝ અપ ફોટોગ્રાફ શેર કર્યો હતો. જેમાં તેણે આછા ભૂરા રંગનું બ્રેસલેટ પહેર્યું છે અને બ્રેસલેટમાં ચારે તરફ છતરપુર વાલે ગુરુજીના ફોટોગ્રાફ્સ છે. અનન્યાએ બે હાથ જોડી ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુજીનો આભાર માન્યો છે.



**એક્ટર અને કન્ટેન્ટ ક્રિએટર કુશા કપિલા હાલમાં જ પોતાના છૂટાછેડાના ઘણા વિવાદોમાં જોવા મળી હતી**

# ૨૦૧૭માં જોરાવર સાથે લગ્ન કર્યા અને ગયા વર્ષે તેઓ અલગ થયા

કુશાએ કહ્યું કે જો તેણે એપિસોડને લાઈવ ન થવા દીધો હોત તો તેને કાયર અને સ્લટ કહેવામાં આવી હોત અને તમામ પ્રકારની ટ્રોલિંગ થઈ હોત. છેલ્લા ૬ મહિનામાં વાટાઘાટો દરમિયાન, તેણીને કહેવામાં આવ્યું હતું કે તે આવા જોક્સને ‘લાયક’ છે અને એક છૂટાછેડા લીધેલી મહિલા તરીકે તેણે સમજવું જોઈએ કે આવા જોક્સ થઈ શકે છે. એક્ટર અને કન્ટેન્ટ ક્રિએટર કુશા કપિલા હાલમાં જ ઘણા વિવાદોમાં જોવા મળી હતી. તેનું કારણ એ હતું કે તે યુટ્યુબ પર કોમેડિયન આશિષ સોલંકીના ‘પ્રીટી ગુડ રોસ્ટ શો’માં ભાગ લેતી જોવા મળી હતી. આ શોમાં સમય રૈના, આદિત્ય કુલશ્રેષ્ઠ, શ્રેયા પ્રિયમ



રોય અને ગુરલીન પન્નુ જેવા કોમેડિયન કુશાને શેકતા જોવા મળ્યા હતા. આ શોમાં કુશાના જીવન વિશે કેટલાક જોક્સ હતા, જે લોકોને ચોંકાવનારા કરતાં વધુ ફની લાગ્યા. આવા ઘણા જોક્સ કુશાના છૂટાછેડા વિશે હતા. કુશાએ ૨૦૧૭માં જોરાવર સિંહ અહલુવાલિયા સાથે લગ્ન કર્યા અને ૬ વર્ષ પછી ગયા વર્ષે તેઓ અલગ થઈ ગયા. હવે કુશાએ આશિષ સોલંકીના શોમાં જોક્સને લઈને નિવેદન જાહેર કર્યું છે. કુશાએ કહ્યું કે તેને ખ્યાલ નહોતો કે શોમાં આવા જોક્સ થવાના છે અને જો તેણે એપિસોડ લાઈવ થતા પહેલા કોઈ ફેરફાર કરવા કહ્યું હોત તો તેને ‘કાયર’ કહેવામાં આવત. હિન્દુસ્તાન ટાઈમ્સ અનુસાર, કુશાએ પોતાનું નિવેદન જાહેર કરતા કહ્યું કે તેણે આ રોસ્ટ શો એક સારા મિત્ર માટે ‘સદ્ભાવના’ માટે કર્યો હતો. તેણે કહ્યું, ‘આના માટે કોઈને ફી ચૂકવવામાં આવી ન હતી (ન તો હાસ્ય કલાકારો ન મહેમાનો), તેથી લોકોની દલીલ કે ‘તેમના અપમાનને સાંભળવા માટે તેમને મોટા ચેક મળ્યા’ પાયાવિહોણા છે.

# અભિનેત્રી અક્ષરા સિંહનું ‘ભોલેદાની’ ગીત રીલીઝ



ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહના ગીત ‘ભોલેદાની’નો વીડિયો દર્શકોને ખૂબ જ પસંદ આવી રહ્યો છે. અક્ષરા સિંહના આ નવા ભક્તિ ગીતે તેના ચાહકોમાં ઉત્તેજના પેદા કરી છે અને દરેક લોકો તેના માટે ખૂબ જ ઉત્સાહિત છે. સાવનનાં વાતાવરણને ધ્યાનમાં રાખીને આ ગીતની રચના કરવામાં આવી છે. સાવનના પહેલા સોમવારના શુભ અવસર પર ભોજપુરી સિનેમાની પ્રતિભાશાળી અભિનેત્રી અને ગાયિકા અક્ષરા સિંહ બાબા ભોલેનાથના દરબારમાં જોવા મળી હતી. આ દરમિયાન અક્ષરા સિંહે ભોલેબાબાના ભક્તો માટે નવું ભક્તિ ગીત “ભોલેદાની” રિલીઝ કર્યું, જે ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. આ બોલબામ સ્પેશિયલ ગીત શિવ ભક્તોમાં લોકપ્રિય થઈ રહ્યું છે.



# ઝાલોદ ખેડુતોને યોગ્ય સમયે ખાતર મળી રહે તેમજ કાળા બજારી અટકાવવા કરાઈ રજૂઆત



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકામા ખાતર સમયસર ખેડુતોને મળી રહે તેમજ કાળા બજારી અટકે તે બાબતે આપ પાર્ટીના પ્રમુખ આપ ઉમેદવાર અનિલભાઈ ગરાસિયા દ્વારા દાહોદ જી-વિસતરણ અધિકારીની રુબરુ મુલાકાત લઈ રજૂઆત કરાઈ હતી.

ખાસ કરી જીલ્લાના દરેક તાલુકામા સંજેલી,ફતેપુરા,સુખસર જેવા દરેક તાલુકા લેવલે ખાતર વિક્રેતાઓને નિયમ અનુસાર દરેક વિક્રેતા ભાવ પત્રક પોતાની દુકાનની બહાર જોવાય તે પ્રમાણે દર્શાવે,સ્ટોકપત્રક તેમજ ખાતરનુ બીલ દરેક ખેડુતોને અવશ્ય આપે સાથે જ અન્ય વસ્તુઓ ખાતર લેતી વેળા ફરજ ના પાડે જેમકે નેનો યુરિયા ખેડુતોને ખાતર સાથે આપવામા ના આવે તેવી માંગ કરવામા આવી ખાસ કરી ખાતરમા થતી કાળા બજારી અટકે તેવી માંગ વધુ કરાઈ હતી.જો આ બાબતે યોગ્ય કાર્યવાહીમા વિલંબ કરાશે તો આવનાર સમયે ગાંધી માર્ગે આંદોલનની ચિમકી પણ ઉચ્ચારી હતી.

# ૨૫મી જુલાઇએ ગિરિમથક સાપુતારા ખાતે પધારનાર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના કાર્યક્રમ સંદર્ભે યોજાઇ સમીક્ષા બેઠક



। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

તારીખ ૨૫મી જુલાઈએ ગિરિમથક સાપુતારા ખાતે પધારનારા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની મુલાકાતને લઈ, જિલ્લા વહીવટી તંત્રે આનુશાંગિક કામગીરીઓ આરંભી દીધી છે. ડાંગ જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમ સબંધિત કરવાની થતી પ્રોટોકોલ મુજબની કામગીરી બાબતે, સંબંધિત જિલ્લા અધિકારીઓને માર્ગદર્શન આપતા ઈન્ચાર્જ કલેકટર શ્રી બી.બી.ચૌધરીએ વિગતે સમીક્ષા હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે, કે, તા.૨૪ અને ૨૫ જુલાઈ-૨૦૨૪ ના રોજ ગિરિમથક સાપુતારા સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 'ગુજરાત પ્રદેશ આદિજાતિ મોરચા (ભાજપા) ની વિસ્તૃત બેઠક'નું આયોજન કરાયું છે. જેમાં તા.૨૫ મી જુલાઈએ મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિત રહેનાર છે. બે દિવસિય બેઠકમાં આદિજાતિ મોરચા (ભાજપા) ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી સમીર ઉરાવજી, પ્રદેશ પ્રમુખ શ્રી અર્જુનભાઈ ચૌધરી, પ્રદેશ સંગઠન પ્રભારી શ્રી રત્નાકરજી સહિત ગુજરાતનાં આદિજાતિ જિલ્લાઓના સંગઠન પદાધિકારીઓ ઉયપસ્થિત રહેશે.

કાર્યક્રમના સૂચારૂ અમલીકરણ અને આયોજન વ્યવસ્થા અર્થે યોજાયેલી બેઠકમાં, જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી કિશોરભાઈ પટેલ, પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી શ્રી સુભાષભાઈ ગાઈન, જિલ્લાના નાયબ વન સરક્ષકો સર્વશ્રી રવિ રાધાકૃષ્ણ અને દિનેશ રબારી, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સુનિલ પાટિલ, પ્રાંત અધિકારી શ્રી સાગર મોવાલિયા સહિતના સબંધિત ઉચ્ચ/વરિષ્ઠ અધિકારીઓએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

# જીવન જ્યોત વિદ્યાલય લીમડીમાં ટીડી ની વેક્સિનનું રસીકરણ કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

કમિશનર આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ આરોગ્ય વિભાગ દ્વારા ગુજરાત રાજ્યમાં ટીટેનસ અને ડીપ્થેરીયાના કેસોને નિયંત્રિત કરવા માટે રાજ્યના ૧૦ વર્ષ અને ૧૬ વર્ષના તમામ બાળકોનું વહેલી તકે Td વેક્સીનેશન સુનિશ્ચિત કરવાનું જણાવ્યું તે મુજબ આજરોજ તારીખ : ૨૩/૦૭/૨૦૨૪ ને મંગળવારના રોજ શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૫ ના તમામ વિદ્યાર્થી અને ધોરણ ૧૦ ના તમામ બાળકોને Td નું રસીકરણ કરવામાં આવ્યું જેમાં RBSK ટીમ વરોડથી ડો.અંકિત સંગાડા અને ડો.કૃતિ પરમાર તથા વરોડ PHCના બહેનો, FHWના બહેનો તથા આશાવર્કર બહેનો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને કાળજીપૂર્વક રસી આપી હતી.

# AIRF અને NFIRનું સંયુક્ત નિવેદન

। અમદાવાદ, તા.૨૩ ।

તાજેતરમાં ભારતીય રેલવે પર કેટલાક સંગઠનો દ્વારા એક નિવેદન આપવામાં આવ્યું છે, જેનાથી રેલવે વિશે મૂંઝવણ અને અવિશ્વાસનો અવકાશ ઉભો થયો છે.

૨. તમામ રેલવે કર્મચારીઓ ટ્રેનોના સુરક્ષિત સંચાલન માટે તેમની શ્રેષ્ઠ ક્ષમતા મુજબ દિવસ-રાત મહેનત કરે છે. આ રેલવે દુર્ઘટનાઓમાં વર્ષોવર્ષ થતા ઘટાડા પરથી સ્પષ્ટ થાય છે.

વધુમાં, અકસ્માતનું પ્રથમ દ્દષ્ટિએ કારણ નક્કી કરવામાં આવ્યું હોવા છતાં, રેલવે પર બનતા દરેક અકસ્માતની હંમેશા CRS અથવા બહુ-વિષયક ટીમ દ્વારા અકસ્માતનું કારણ જાણવા અને ઉપચારાત્મક પગલાં સૂચવવા વિગતવાર તપાસ કરવામાં આવે છે. આ વિગતવાર તપાસના આધારે કાર્યવાહી કરવામાં આવે છે. બંને ફેડરેશન (AIRF અને NFIR) સુરક્ષા ધોરણોને વધુ સુધારવા માટે સૂચનો પણ આપતાં રહે છે.

તે કુશળ અને મહેનતુ રેલવે કર્મચારીઓ છે જે આ દેશના લોકોને પરિવહનના સૌથી વધુ કિફાયતી સાધનો ઉપલબ્ધ કરાવે છે. અમે ફેડરેશન ગર્વથી જણાવીએ છીએ કે અમે મુસાફરોની સુરક્ષા અને સંપત્તિના રક્ષણ માટે કામ કરવાનું ચાલુ રાખીએ છીએ.

જોકે, તે ઘણું દુ:ખદ છે કે રેલવે કર્મચારીઓની સખત મહેનતની કદર કરવાને બદલે, રેલવે કર્મચારીઓના મનોબળને ડહોળવા માટેની ટિપ્પણીઓ કરવામાં આવી રહી છે.

૩. અલબત્ત, કામની કઠોરતા ઘટાડવા માટે કર્મચારીઓની કામકાજની સ્થિતિમાં સુધારાને હંમેશા અવકાશ હોય છે. અમે બાબતોને વધુ સારી બનાવવા માટે અમે તમામ સ્તરે નિયમિત બેઠકો અને વાતચીત કરી રહ્યા છીએ.

૪. તાજેતરના વર્ષોમાં ૫ લાખથી વધુ કર્મચારીઓ રેલવેમાં જોડાયા છે. અમને જાણવા મળ્યું છે કે તાજેતરમાં ૧.૫ લાખ ઉમેદવારોની ભરતીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે અને ૧૮,૦૦૦ થી વધુ લોકો પાઈલટ્સની ભરતી કરવા માટે કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. વાર્ષિક પરીક્ષા કેલેન્ડર પ્રકાશિત કરવાની લાંબા સમયથી થતી માંગણી સ્વીકારી લેવામાં આવી છે અને જુનિયર એન્જિનિયર, ટેકનિશિયન વગેરે જેવી કેટેગરીમાં પણ ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે.

ભારતીય રેલવેમાં તાલીમની એક સુસ્થાપિત વ્યવસ્થા છે. તમામ રેલવે કર્મચારીઓ ભારતીય રેલવેની વિવિધ તાલીમ સંસ્થાઓમાં રિફ્રેશર કોર્સ, સેફ્ટી અભ્યાસક્રમ, ઈક્વિપમેન્ટ અભ્યાસક્રમ વગેરે દ્વારા નિયમિત તાલીમ મેળવતા રહે છે. જ્યારે પણ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે લોકો પાઈલોટ્સને તાલીમ/કાઉન્સેલિંગ પછી યોગ્યતા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૫. ફેડરેશન પોતાના અધિકારીઓ સાથે કર્મચારીઓના મુદ્દા અંગે વિગતવાર ચર્ચા કરી રહ્યા છે તથા એવા ઉકેલો શોધવામાં આવી રહ્યા છે જે બંને પક્ષોને સ્વીકાર્ય હોય.

૬. રેલવે ૧૨ લાખ કર્મચારીઓ વાળું એક વિશાળ સંગઠન છે. આ સંગઠનની કામ કરવાની પદ્ધતિ બહારના લોકોને સરળતાથી સમજમાં આવતી નથી. આવા જટિલ કાર્યકારી સંજોગોમાં, કામને સમજ્યા વિના, જાણ્યે-અજાણ્યે કરવામાં આવેલી પ્રતિકૂળ ટિપ્પણીઓ રાષ્ટ્રના સર્વાંગી હિતમાં હોઈ શકે નહીં. આથી ફેડરેશન વ્યક્તિઓ અને સંગઠનોને રાષ્ટ્રના સર્વાંગી હિત માટે રચનાત્મક રીતે મદદ કરવાની અપીલ કરે છે.

૭. અમે નોન-રેલવે યુનિયનો/સંસ્થાઓ વગેરે દ્વારા જારી કરાયેલા નિવેદનોની કદર કરતા નથી, કારણ કે આ નિવેદનોથી સામાન્ય લોકોના મનમાં આશંકા અને ભયનું વાતાવરણ ઊભું થશે.

૮. અમે AIRF અને NFIR રેલવે કર્મચારીઓના સાચા પ્રતિનિધિઓ છીએ કારણ કે અમે તમામ શ્રેણીઓના રેલવે કર્મચારીઓની ચિંતા/મુદ્દાઓ ઉઠાવીએ છીએ જેથી તેમના સંતોષકારક નિરાકરણની ખાતરી કરાવી શકાય. અમે રેલવે કર્મચારીઓ એક ટીમ તરીકે રેલવેના સલામત સંચાલન અને રાષ્ટ્રની સેવા માટે પ્રતિબદ્ધ છીએ.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ખાતે નવોદય પ્રવેશ ફોર્મનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી કાર્યરત છે જેમાં નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરાવવામાં આવે છે. હાલ અંદાજે રેગ્યુલર બેન્ચમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓ નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરી રહ્યા છે ત્યારે ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા નવોદય ફોર્મનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. એકલવ્ય સ્કૂલના તજજ્ઞ શિક્ષક શ્રી સંગાડા જીગ્નેશભાઈ દ્વારા નવોદય પ્રવેશ ફોર્મકેવી રીતે ભરવું તેની સમજ બાળકોને આપી હતી. આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ખાતે નવોદય વિદ્યાલય પ્રવેશ ફોર્મનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

# રાજ્ય કક્ષાની મહિલા કિસાન મંચ ગુજરાતની ત્રિમાસિક બેઠકનું સમાપન



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

રાજ્ય કક્ષાની મહિલા કિસાન મંચ ગુજરાતની ત્રિમાસિક બેઠકનું આયોજન ઝલાઈ માતા મંદિર ઝાલોદ ખાતે કરવામાં આવ્યું હતું. બેઠકમાં ફોરમના ૭ મહિલા સભ્યોએ ભાગ લીધો હતો, ગીરીશભાઈ પટેલે ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતું. બેઠક દરમિયાન આદિવાસી સમુદાયમાં પાણી આધારિત પરંપરાગત માન્યતાઓના સંદર્ભમાં મુખ્ય નેટવર્કિંગ સલાહકાર સંગીતા ઈન્ડાએ જળ સંરક્ષણને લગતી પ્રવૃત્તિઓમાં પ્લેટફોર્મની ભૂમિકા વિશે વિગતવાર વિચારો રજૂ કર્યા હતા.

ઝાલોદ અને ફતેપુરામાં દિન-પ્રતિદિન પાણીની અછત સર્જાઈ રહી છે આ સ્થિતિમાં સુધારો કરવા માટે નવા બોરવેલ બનાવવા જોઈએ, પરંતુ સરકારની પરવાનગી હોવી જોઈએ, ઘરોની છત પરથી પાણી એકત્રિત કરવું જોઈએ, જેથી ખેતરોમાંથી પાણી ખેતરોમાં રહે, તેને વધુ મહત્વ આપવું જોઈએ. ગ્રામસભામાં તળાવો, વૃક્ષારોપણ, જળ સંચયને લગતા કામો અંગે બેઠકમાં ઉપસ્થિત ફોરમના સભ્યોએ એક અવાજે અવાજ ઉઠાવતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર તેની નીતિમાં વિશેષ આયોજન અંગેના નિયમોનો સમાવેશ કરે તે સુનિશ્ચિત કરે. વિશ્વ જળ દિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં ૨૨મી માર્ચે ગ્રામસભાઓ યોજવામાં આવે છે અને આ સભાઓમાં મંચ દ્વારા રાજ્ય સ્તરે, જિલ્લા સ્તરે અને સમુદાય સ્તરે એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો અને તે સર્વાનુમતે કરવામાં આવ્યો હતો. ૭મી ઓગસ્ટ ના રોજ જિલ્લા કક્ષાએ વિનંતી પત્ર આપવાનું નક્કી કર્યું. મીટીંગ દરમિયાન સંસ્થાના અગ્રણી બાબુલાલ ચૌધરી, જ્ઞાન અને તાલીમ સંયોજક માનસિંહ નિનામા, બ્લોક ફેસિલિટેટર ગીરીશ ભાઈ અને સંસ્થાના સભ્યો સાંતા બેન, રમીલા બેન, સવિતા બેન, વસંતા બેન હાજર રહ્યા હતા અને આગામી ત્રણ મહિનાનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો.

# રાજ્યમાં વરસી રહેલા ભારે વરસાદના પરિણામે ગુજરાતના ૩૧ જળાશયો સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ

। (માહિતી) ગાંધીનગર, તા.૨૩ ।

રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે ૩૧ જળાશયો સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ ૫૫ ટકા નોંધાયો છે. સરદાર સરોવરમાં હાલમાં ૧,૮૩,૭૨૪ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૫ ટકા જેટલો જળસંગ્રહ જ્યારે આ સિવાય રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૨,૨૩,૬૮૫ એમ. સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૩૯.૯૩ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે આઠ જળાશયોમાં ૧૫ હજાર ક્યુસેકથી વધુ પાણીની આવક નોંધાઈ છે. જેમાં દમણગંગામાં ૫૧,૭૮૬ ક્યુસેક, ઉકાઈમાં ૩૧,૨૦૬ ક્યુસેક, રાણા ખીરસરામાં ૨૩,૬૫૬ ક્યુસેક, વેણુ-૨માં ૧૮,૯૦૬ ક્યુસેક, ઉમિયાસાગરમાં ૧૮,૪૬૮ ક્યુસેક, ઓઝત-વિઅર(વંથલી)માં ૧૬,૦૨૪ ક્યુસેક, ઓઝત-વિઅરમાં ૧૫,૨૫૬ ક્યુસેક તથા સરદાર સરોવરમાં ૧૩,૪૧૯ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ સિવાય રાજ્યના ૨૯ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત સરદાર સરોવર સહિત ૧૯ ડેમ ૫૦ થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવી છે જ્યારે ૫૦ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે માનસિક તાણ હોવા છતાં પણ તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે લાભદાયક દિવસ છે સાથેજ તમને પોઝિટિવ રહવામાં ખૂબ મદદ કરશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે સવારે વહેલા ઊઠીને કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેનારાઓએ મગજ શાંત રાખવું.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલીમાંથી બહાર આવી શકો છો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. એવા લોકો કે જેઓ અત્યાર સુધી એકલા છે, તે આજે કોઈ ખાસ વ્યક્તિ ને મળવા ની સંભાવના છે, પરંતુ આ બાબત ને આગળ વધતા પહેલાં, તે જાણવું જોઈએ કે વ્યક્તિ કોઈ ની સાથે સંબંધ માં ના હોય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે ટેન્શનમુક્ત અને શાંત રહો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી, કેમ કે આજે તેમના સાકાર થવાની શક્યતા છે.

**તુલા (ર,ત) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખ. ધન ચોરી થવા ની શક્યતા છે. આજે તમારે તમારા દૈનિક સમયપત્રકમાંથી બ્રૅક લઈ તમારા મિત્રો સાથે બહાર જવું જોઈએ. તમે તમારા ભાગીદાર પર પૂરતું ધ્યાન નહીં આપો તો તે તમારાથી નારાજ થઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો. તમારી સખેત મહેનતનું વળતર મળશે કેમ કે તમને પ્રમોશન મળવાની શક્યતા છે.

**મકર (ખ,જ) :**
આજનો દિવસે તમારા માટે લાભદાયક નીવડી શકે છે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારું કોઈક ઝડપી, બરાબર વિચાર્યા વગરનું પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દ્દષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.





કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરી અને નાણા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી. નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે મોદી ૩.૦ નું પ્રથમ કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ રજૂ કરતા પહેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેન્દ્રીય નાણામંત્રીને શુભેચ્છાઓ પાઠવી.

# બિઝનેસ માટે સરકાર કરશે લાખો રૂપિયા સુધીની સહાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

મોદી ૩.૦નું પ્રથમ બજેટ રજૂ કરવામાં આવી રહ્યું છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે પોતાના બજેટ ભાષણ દરમિયાન એક મોટી જાહેરાત કરી છે. આ જાહેરાત પ્રધાનમંત્રી મુદ્રા યોજના સાથે જોડાયેલી છે. આ સરકારી યોજના અંતર્ગત મુદ્રા લોનની લિમિટને વધારીને બેગણી કરવામાં આવી છે. પહેલા આ સ્કીમ અંતર્ગત સ્જીસ્ઈ માટે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન ઉપલબ્ધ કરાવવામાં આવી રહી હતી, જે હવે ૨૦ લાખ રૂપિયા સુધીની કરી દેવામાં આવી છે. દેશના યુવાઓને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી મુદ્રા યોજના ચલાવી રહી છે. આ સ્કીમ અંતર્ગત અત્યાર સુધીમાં ગ્રામીણ વિસ્તારોમાં કોર્પોરેટ ન હોય તેવા નાના ઉદ્યોગોને શરૂ કરવા કે વિસ્તારવા માટે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન અપાઈ રહી હતી. હવે તેને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી છે. આ લોન સરળતાથી અને સસ્તા વ્યાજ દર પર મળે છે. જો તમે સમયથી લોન ચુકવતા રહો છો, તો ઋણના વ્યાજ દર પણ માફ થઈ જાય છે. નાણાં મંત્રીએ કહ્યું કે જેમણે પોતાની અગાઉની લોન ચુકવી દીધી છે, તેમને હવે બેગણી લોન ઉપલબ્ધ કરાવવામાં આવશે. એટલે કે જેને પહેલેથી લોન ચાલુ છે, તેને તેનો લાભ ત્યારે જ મળશે, જ્યારે તે તેની જૂની લોન ચુકવી દેશે. પીએમ મુદ્રા યોજના અંતર્ગત મળતી લોનને ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવી છે. આ ત્રણ કેટેગરી શિશુ લોન, કિશોર લોન અને તરુણ લોનની છે. શિશુ લોન અંતર્ગત ૫૦ હજાર રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે. કિશોર લોન અંતર્ગત ૫૦ હજાર રૂપિયાથી લઈને ૫ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે. તરુણ લોન અંતર્ગત અત્યાર ૧૦ સુધીમાં લાખ રૂપિયા સુધીની લોન લઈ શકાય છે. પીએમ શિશુ મુદ્રા ઋણ યોજના અંતર્ગત અરજી કરવા માટે કોઈ જ ગેરન્ટીની જરૂર પડતી નથી. આ સિવાય કોઈ પણ પ્રકારનો ચાર્જ પણ લાગતો નથી. જોકે અલગ-અલગ બેંકોમાં લોનના વ્યાજ દરોમાં અંતર હોઈ શકે છે. આ બાબત બેંકો પર નિર્ભર કરે છે. આ યોજના અંતર્ગત ૯થી ૧૨ ટકા પ્રતિવર્ષ વ્યાજ દર હોય છે.

મુદ્રા લોન લેવા માટે તમારે નજીકની બેંકમાં જવું પડશે. ઘણી બેંકોએ આ સ્કીમ અંતર્ગત અરજી કરવા માટે ઓનલાઈન સુવિધા પણ ઉપલબ્ધ કરાવી છે. તમે https://www.mudra.org.in/ પર વિઝિટ કરીને વધુ માહિતી મેળવી શકો છો.

પીએમ મુદ્રા સ્કીમ અંતર્ગત નાના દુકાનદાર, ફળ, ફૂડ પ્રોસેસિંગ યુનિટ જેવા નાના ઉદ્યોગોને લોનની સુવિધા મળે છે. આ સ્કીમનો લાભ લેવા માટે તમારે આધાર કાર્ડ, પાન કાર્ડ, રેસિડેન્શિયલ પ્રુફ, પાસપોર્ટ સાઈઝનો ફોટો, બિઝનેસ સર્ટિફિકેટની જરૂર પડે છે.

## દેશના વિવિધ રાજકીય નેતાઓની પ્રતિક્રિયાનો સમય આવ્યો

આજે દેશ માટે મહત્વનો દિવસ છે આજે નાણામંત્રી નિર્મલા સીતારમણે ગૃહમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૪ રજૂ કર્યું હતું. ગૃહમાં બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રીએ અનેક જાહેરાતો કરી અને એ પણ જણાવ્યું કે આવનારા સમયમાં સરકાર શું પગલાં લેવા જઈ રહી છે. આ સાથે વિવિધ ક્ષેત્રો માટે ફાળવવામાં આવેલ બજેટ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. તે પછી હવે દેશના વિવિધ રાજકીય નેતાઓની પ્રતિક્રિયાનો સમય આવ્યો. બજેટ રજૂ થતાંની સાથે જ NDAના નેતાઓ સહિત જુદા જુદા નેતાઓએ પોતાની પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કર્યું હતું.

**અમિત શાહે બજેટ વિશે શું કહ્યું?:** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને બજેટ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે ટ્વીટમાં લખ્યું, 'બજેટ ૨૦૨૪-૨૫ વડાપ્રધાન મોદીની આગેવાની હેઠળની દ્રઢછ સરકાર હેઠળ ભારતના હેતુ, આશા અને આશાવાદની નવી ભાવનાનું ઉદાહરણ જ નહીં પરંતુ તેમને મજબૂત પણ કરે છે. ભારતના યુવા, મહિલા શક્તિ અને ખેડૂતોની શક્તિનો ઉપયોગ કરીને, બજેટ રોજગાર અને તકોના નવા યુગની શરૂઆત કરીને વિકસિત રાષ્ટ્ર તરીકે ઉભરી આવવાના દેશના માર્ગને વેગ આપે છે.'

**નીતિન ગડકરીએ શું કહ્યું?:** બજેટ ૨૦૨૪ પર બોલતા, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, 'બજેટ અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનતા અને આગામી પેઢીના સુધારા અને સમાજના દરેક વર્ગના વિકાસ સાથે સમૃદ્ધ ભવિષ્ય તરફ આગળ વધનારું છે.'

**JDU સાંસદે શું કહ્યું?:** બજેટ ૨૦૨૪ રજૂ થયા બાદ જેડીયુના રાજ્યસભા સાંસદ સંજય કુમાર ઝાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. "આ બજેટમાં અમારી સમસ્યાઓ અને ચિંતાઓને સંબોધવામાં આવી છે," તેમણે કહ્યું. ઉત્તર બિહારમાં પૂરને પહોંચી વળવા માટે પહેલીવાર બજેટમાં નક્કર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. મને ખાતરી છે કે જો રાજ્યને વધુ જરૂર પડશે તો સરકાર બિહારને વધુ મદદ કરશે.

**TDP એ બજેટ પર શું કહ્યું?:** કેન્દ્રીય મંત્રી અને ટીડીપી નેતા રામ મોહન નાયડુએ પણ બજેટ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું, "રોજગાર હોય કે સપના સાકાર કરવા હોય, આ બજેટમાં તે બધાને શક્તિ આપવાનું કામ કરવામાં આવ્યું છે. સામાન્ય નાગરિક અને યુવાનોને રોજગાર તરફ લઈ જાય તેવી બાબતો પર ધ્યાન આપવામાં આવ્યું છે.

### બજેટ આ રીતે કરશે તમારા ખિસ્સાને અસર

## બજેટમાં અમે ગરીબ, મહિલાઓ, યુવાઓ અને અન્નદાતાઓ પર ફોકસ કર્યું : નિર્મલા સીતારમણ

મોદી ૩.૦નું પ્રથમ કેન્દ્રીય બજેટ ૨૦૨૪ રજૂ થઈ ગયું છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે તેને સંસદમાં રજૂ કર્યું હતું. નાણા મંત્રી તરીકે તેમનું આ સાતમું બજેટ છે. બજેટમાં અલગ-અલગ સેક્ટરો માટે ઘણી જાહેરાતો કરવામાં આવી છે. જોકે આપણે એ જાણવું જરૂરી છે કે આમ આદમીના ખિસ્સા પર કઈ ચીજોનો બોજો વધી રહ્યો છે અને કઈ જાહેરાતે તેમને રાહત આપી છે. સરકારે ઘણી ચીજો પર કસ્ટમ ડ્યુટી ઘટાડી છે અને તેમાં મુખ્યત્વે કેન્સરની દવાઓને મુફ્ત કરી દીધી છે.

નિર્મલા સીતારમણે કહ્યું કે વચગાળાના બજેટમાં અમે ગરીબ, મહિલાઓ, યુવાઓ અને અન્નદાતાઓ પર ફોકસ કર્યું હતું. તેમણે કહ્યું કે ભારતીય અર્થવ્યવસ્થા સતત ચમકી રહી છે. પૂર્ણ બજેટ પણ આ બાબતો પર કેન્દ્રિત છે. અમારુ કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદન વધારવા પર ભાર છે, વિકસિત ભારત માટે આ પ્રાથમિકતા છે. તેમણે સરકારની નવ પ્રાથમિકતાને ગણાવી. તેમાં એગ્રીકલ્ચર સેક્ટરની સાથે શહેરી વિકાસ, રોજગાર અને સ્કિલ ડેવલેપમેન્ટ, કૃષિ રિસર્ચ, ઉર્જા સુરક્ષા, ઈનોવેશન, રિસર્ચ અને ગ્રોથ, આગલી પેઢીમાં સુધારો સામેલ છે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે મોટી જાહેરાત કરતા કહ્યું કે કેન્સરની દવા સસ્તી થશે. મોબાઈલ અને મોબાઈલ ચાર્જર સહિત અન્ય ઉપકરણો પર બીસીડી ૧૫ ટકા ઘટાડવામાં આવી છે. આ સિવાય લેધર અને ફુટવિયર પર કસ્ટમ ડ્યુટી ઘટાડવામાં આવી છે. બીજી તરફ ટેલિકોમ ઉપકરણો મોંઘા થઈ ગયા છે, તેની પર લાગતી ડ્યુટીને ૧૫ ટકા વધારવામાં આવી છે.

**શું થયું સસ્તું**

૧. સોનું-ચાંદી, ૨. ઈમ્પોર્ટેડ જ્વેલરી, ૩. પ્લેટિનમ પર કસ્ટમ ડ્યુટી ઘટી, ૪. કેન્સરની દવાઓ, ૫. મોબાઈલ ચાર્જર, ૬. માછલીનો ખોરાક, ૭. ચામડામાંથી બનેલી વસ્તુઓ, ૮. રસાયણ પેટ્રોકેમિકલ, ૯. ફ્લેક્સ બેનર,

**શું થયું મોંઘું**

૧. સ્પેસિફાઈડ ટેલિકોમ ઉપકરણ, ૨. પીવીસી પ્લાસ્ટિક

### નવા કર્મચારીઓને પહેલા મહિનાનો પગાર આપશે સરકાર

મોદી સરકારે ત્રીજા કાર્યકાળનું પહેલું બજેટ આજે સંસદમાં રજુ કરી દીધુ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે સદનમાં બજેટ રજુ કર્યું. આ બજેટમાં સૌથી પહેલા તેમણે રોજગારી અને યુવાઓ માટે જાહેરાત કરી. નાણામંત્રીએ યુવાઓ અને રોજગાર પર ફોકસ કરતા બજેટમાં મોટી જાહેરાત કરી. સરકારે રોજગાર અને કૌશલ તાલિમ સંબંધિત ૫ યોજનાઓ માટે ૨ લાખ કરોડ રૂપિયાના બજેટની ફાળવણી કરી છે. સરકારે રોજગારને પ્રોત્સાહન આપવા માટે ઈન્સેન્ટિવની ૩ સ્કીમ પણ જાહેર કરી.

નાણામંત્રીએ પોતાના બજેટના ભાષણમાં શરૂઆતમાં જ કહ્યું કે સરકાર રોજગારને વધારવા માટે કર્મચારી અને નિયોક્તા (એમ્પ્લોયર) બંનેની મદદ કરશે. નાણામંત્રીએ બજેટ ભાષણમાં ત્રણ મોટી જાહેરાત કરી છે. જેનો હેતુ ફર્સ્ટ ટાઈમ એમ્પ્લોયી માટે હશે. નાણામંત્રીએ કહ્યું કે સરકાર સંગઠિત ક્ષેત્રમાં રોજગાર મેળવનારા લોકોને પહેલા મહિનાનો પગાર આપશે. આ ઉપરાંત રોજગાર મેળવ્યાના ૪ વર્ષમાં ઈપીએફઓમાં સરકાર પણ પોતાનું કન્ટ્રીબ્યુશન આપશે. નાણામંત્રીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યું કે સરકાર નોકરીમાં પ્રવેશ કરનારા ૩૦ લાખ યુવાઓને એક મહિનાનો પીએફનું યોગદાન આપીને પ્રોત્સાહન આપશે. EPFO માં પહેલીવાર રજિસ્ટર્ડ કર્મચારીઓના એક માસના વેતનના ૧૫૦૦૦ રૂપિયા સુધીની રકમનો ત્રણ હપ્તામાં પ્રત્યક્ષ લાભ આપશે. કર્મચારીઓની સાથે સાથે નિયોક્તા (એમ્પ્લોયર)ને પણ સમર્થન અપાશે.

૧. EPFO હેઠળ પહેલીવાર રજિસ્ટર્ડ થનારા કર્મચારીઓને ૧ માસનું વેતન ૧૫૦૦૦ રૂપિયા સુધી ત્રણ હપ્તામાં ડાયરેક્ટ લાભ ટ્રાન્સફર દ્વારા પહોંચતું કરવામાં આવશે.

૨. રોજગાર મેળવ્યાના ચાર વર્ષમાં તેમને ઈપીએફઓ યોગદાન હેઠળ નિયોક્તા અને કર્મચારી બંનેને ડાયરેક્ટ પ્રોત્સાહન પ્રોવાઈડ કરવામાં આવશે.

૩. નિયોક્તાઓને સમર્થન આપવા માટે સરકારે બજેટમાં કહ્યું કે વધારાના કર્મચારીઓના બે વર્ષ સુધી તેમના પ્રતિમાસ યોગદાન ૩ હજાર સુધીની પ્રતિપૂર્તિ કરવામાં આવશે.

**બજેટ પ્રાયોરિટીઝ**

આ વખતે સરકારે બજેટમાં ૯ પ્રાથમિકતાઓ પર ફોકસ કર્યુ છે. જે આ પ્રમાણે છે.

૧. પ્રોડક્ટિવિટી અને રિસાયલન્સ ઈન એગ્રિકલ્ચર કૃષિ
૨. એમ્પ્લોયમેન્ટ એન્ડ સ્કિલિંગ રોજગાર
૩. ઈક્લુઝિવ HRD અને સોશિયલ જસ્ટિસ સામાજિક ન્યાય
૪. MFG & સર્વિસિસ વિનિર્માણ અને સેવાઓ
૫. અર્બન ડેવલપમેન્ટ શહેરી વિકાસ
૬. એનર્જી સિક્યુરિટી ઉર્જા સુરક્ષા
૭. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખાગત સુવિધાઓ
૮. ઈનોવેશન, અનુસંધાન અને વિકાસ
૯. નેક્સ્ટ જનરેશન રિફોર્મ્સ આગામી પેઢીના સુધારા

## નવા ટેક્સમાં સ્ટાન્ડર્ડ ડિડક્શન પર લિમિટ વધી

દેશમાં મોદી સરકાર ૩.૦ સરકારનું પહેલુ પૂર્ણ બજેટ આજે રજૂ થઈ રહ્યું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ બજેટ રજૂ કરી રહ્યાં છે. આ બજેટમાં તમામ ક્ષેત્રો માટે ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. ઈક્મ ટેક્સ પર સરકારે મોટી જાહેરાત કરી છે. નવા ટેક્સ માળખામાં સ્ટાન્ડર્ડ ડિડકશન પર લિમિટ વધારવામાં આવી છે. ૩ લાખ સુધીની આવક કરમુક્ત રહેશે. નવા માળખામાં સ્ટાન્ડર્ડ ડિડકશન વધારી ૭૫ હજાર કરવામાં આવ્યું છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે ઘણી મોટી જાહેરાતો કરી છે. ૩ લાખથી ૫ લાખની આવક પર ૫ ટકા ટેક્સ આપવો પડશે. ૭થી ૧૦ લાખ સુધીની આવક પર ૧૦ ટકા ટેક્સ આપવો પડશે. ૧૦થી ૧૨ લાખની આવક પર ૧૫ ટકા ટેક્સ રાખવામાં આવ્યો છે.

નવા ઈનકમ ટેક્સ રિઝીમમાં ટેક્સ : જો આપણે નવી આવકવેરા વ્યવસ્થા પર નજર કરીએ તો, નવી કર વ્યવસ્થામાં ૭ લાખ રૂપિયા સુધીની આવક ધરાવનારને કોઈ ટેક્સ ચૂકવવો પડતો નથી. સરકાર આવકવેરા અધિનિયમ 87A હેઠળ ૨૫,૦૦૦ રૂપિયાની ટેક્સ છૂટ આપે છે. નવી આવકવેરા પ્રણાલી હેઠળ, ૩ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નથી. ૩-૬ લાખ રૂપિયાની આવક પર ૫%, રૂપિયા ૬-૯ લાખના સ્લેબ પર ૧૦%, રૂપિયા ૯-૧૨ લાખના સ્લેબ પર ૧૫%, રૂપિયા ૧૨-૧૫ લાખના સ્લેબ પર ૨૦% અને ૧૫ લાખ રૂપિયાથી વધુની આવક પર ૩૦ ટકા ટેક્સ ચૂકવવો પડશે.

જૂના ઈનકમ ટેક્સમાં ટેક્સ સ્લેબ : જો આપણે જૂના આવકવેરા શાસનના ટેક્સ સ્લેબ પર નજર કરીએ, તો જૂની કર વ્યવસ્થામાં રૂ. ૨.૫૦ લાખ સુધીની આવક પર કર મુક્તિ છે. ૨.૫૦ થી ૫ લાખ રૂપિયાની આવક પર ૫%, ૫ થી ૧૦ લાખ રૂપિયાની આવક પર ૨૦% અને ૧૦ લાખ રૂપિયાથી વધુની આવક પર ૩૦% ટેક્સ ચૂકવવો પડશે. જૂની ટેક્સ સિસ્ટમમાં ૫ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા લોકોએ કોઈ ટેક્સ ચૂકવવો પડતો ન હતો. સરકાર ૨.૫૦ થી ૫ લાખ રૂપિયાની આવક પર ૫ ટકાના દરે ૧૨૫૦૦ રૂપિયાના ટેક્સ પર છૂટ આપે છે.

**બજેટ લાઈવ ૨૦૨૪: આવકવેરા સ્લેબમાં મોટા ફેરફારો**

૦ - ૩ લાખ રૂપિયા સુધી - શૂન્ય
૩ થી ૭ લાખ રૂપિયા - ૫%
રૂ ૭ થી ૧૦ લાખ - ૧૦%
રૂ ૧૦ થી ૧૨ લાખ – ૧૫%
રૂ ૧૨ થી ૧૫ લાખ – ૨૦%
૧૫ લાખથી વધુ - ૩૦%

### બજેટ રજૂ થયા બાદ કોંગ્રેસનો કટાક્ષ

## નાણામંત્રી નિર્મલા સીતારમણે અમારો ચૂંટણી ઢંઢેરો વાંચ્યો : નેતા પી ચિદમ્બરમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની NDA સરકારે બજેટ રજૂ કર્યું છે. હવે આ બજેટમાં ઈન્ટર્નશિપ યોજનાની જાહેરાત કર્યા બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમે કટાક્ષ કરતા કહ્યું કે, મજા આવી ગઈ. અમને એ વાતની ખુશી થઈ કે, લોકસભા ચૂંટણી બાદ નાણામંત્રી નિર્મલા સીતારમણે અમારો ચૂંટણી ઢંઢેરો વાંચ્યો તો હતો.નાણામંત્રી નિર્મલા સીતારમણે કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫માં પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજનાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ યુવાઓને ઈન્ટર્નશિપ સાથે ૫,૦૦૦ રૂપિયાનું માસિક ભથ્થું મળશે. કોંગ્રેસે તાજેતરમાં સંપન્ન થયેલી લોકસભા ચૂંટણી માટે જાહેર કરેલા પોતાના ચૂંટણી ઢંઢેરામાં તાલીમના અધિકારોનો વાયદો કર્યો હતો, તેના હેઠળ ડિપ્લોમા અને ડિગ્રી ધરાવનાર બેરોજગાર યુવાઓને ટ્રેનિંગ સાથે એક વર્ષ સુધી દર મહિને ૮,૫૦૦ રૂપિયા આપવાનો વાયદો કર્યો હતો. કોંગ્રેસે આ કાર્યક્રમને 'પહેલી નોકરી પાક્કી' નામ પણ આપ્યું હતું. પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમે ઠ પર પોસ્ટ કરી અને લખ્યું કે, મને એ જાણીને ખુશી થઈ કે, માનનીય નાણામંત્રીએ ચૂંટણી પરિણામો બાદ કોંગ્રેસના લોકસભા ૨૦૨૪ના ચૂંટણી ઢંઢેરાનો વાંચ્યો છે. મને એ વાતની પણ ખુશી છે કે, તેમણે કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાના પેજ નંબર ૩૦ પર ઉલ્લેખ કરાયેલ રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહનને અપનાવ્યો છે. તેમણે આગળ કહ્યું તે, મને એ વાતની પણ ખુશી છે કે તેમણે કોંગ્રેસ ચૂંટણી ઢંઢેરાના પેજ નંબર ૧૧ પર ઉલ્લેખિત દરેક એપ્રેન્ટિસ માટે ભથ્થા સાથે એપ્રેન્ટિસશીપ સ્કીમ શરૂ કરી છે.

## કેન્દ્રીય બજેટમાં ગુજરાતની MSME અને ડાયમંડ ઇન્ડસ્ટ્રીને ફાયદો

આજે કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટને ગુજરાતના ઉદ્યોગ જગતે વધાવ્યું છે. નાણાંમંત્રીએ રજૂ કરેલા બજેટથી સ્જીસ્ઈ અને ડાયમંડ ઉદ્યોગમાં ખુશી જોવા મળી છે. જ્યારે સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને ખાસ કશુ નહીં મળતાં નિરાશા વ્યાપી છે. પર્સનલ ટેક્સ અને GSTમાં રાહત મળતા રાજ્યના ઈન્ડસ્ટ્રી એસોસિએશન્સે બજેટને સમતોલ કહી આવકાર્યું છે. મુખ્યમંત્રીએ એક્સ પર પોસ્ટ લખીને બજેટને વિકસિત ભારતના નિર્માણનો સુરેખ પથ કંડારતુ બજેટ ગણાવી આવકાર્યું છે.GCCIના પ્રમુખ સંદીપ એન્જિનિયરે બજેટ અંગે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, અમે નાણામંત્રીને અગાઉ ગુજરાતના MSME અને ડાયમંડ ઈન્ડસ્ટ્રી માટેની ખાસ રજૂઆત કરી હતી. અમારી રજૂઆતને સ્વીકારવામાં આવી છે. MSMEને રાહત મળી છે અને પ્રોત્સાહન મળ્યું છે. જેનાથી ગુજરાતની ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન મળશે અને ઈન્ડસ્ટ્રીનો વિકાસ થશે. ડાયમંડ ઈન્ડસ્ટ્રીને પણ ફાયદા મળ્યા છે. જેમાં રોજગારીની તક પણ વધશે. આ રીતે ગુજરાતની ઈકોનોમીને આગળ લઈ જવામાં ખૂબ મદદ મળશે.સુરત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વિજય મેવાવાલાએ પણ મીડિયાને જણાવ્યું હતું કે, ઈક્મટેક્સના સ્લેબમાં જે વધારો કરવામાં આવ્યો છે તેનાથી સામાન્ય પ્રજાને ફાયદો મળશે. લોજિસ્ટિક ખૂબ જ સસ્તુ અને સરળ રહે તે ઉદ્યોગ માટે ખૂબ જ જરૂરી છે. લોજિસ્ટિક માટે ખૂબ સારું આયોજન સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. સુરત ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ નિખિલ મદ્રાસીએ મીડિયાને જણાવ્યું હતું કે, આ બજેટમાં ૧૨ ઔદ્યોગિક પાર્ક બનાવવાનું આયોજન છે. તેનાથી સુરતને પણ લાભ મળી શકે છે. ઈ-કોમર્સના હબને વિકસિત કરવાના કારણે એક્સપોર્ટ વધી શકે છે. નાના દેશ અને શહેરોને પણ આનાથી વેગ મળી શકે છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય બજેટનું જીવંત પ્રસારણ ગાંધીનગરમાં તેમના નિવાસ સ્થાનેથી નિહાળ્યું હતું. ત્યાર બાદ તેમણે એક્સ પર પોસ્ટ લખી હતી કે, ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી ઈકોનોમી બનાવવાની દિશામાં આ બજેટ ખૂબ મહત્ત્વનું સાબિત થશે. મોદી સરકાર ૩.૦ નું આ પ્રથમ બજેટ NDA એ લોકસભા ચૂંટણીમાં આપેલા વચનોને નિભાવીને ભારતના ૧૪૦ કરોડ નાગરિકોની આશાઓ- અપેક્ષાઓ અને સપનાઓની પરિપૂર્તિ કરનારું છે. ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સામર્થ્યને ઉજાગર કરતી વિવિધ યોજનાઓ આ બજેટમાં રજૂ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, કેન્દ્રીય બજેટમાં સહકાર ક્ષેત્રના સર્વાંગીણ વિકાસ માટે રાષ્ટ્રીય સહકાર નીતિની જાહેરાત કરવામાં આવી છે. આ નીતિ ગ્રામીણ અર્થવ્યવસ્થામાં નવી ચેતના ભરશે.શહેરોમાં વસતા ગરીબ અને મધ્યમ વર્ગના વધુ એક કરોડ પરિવારોને મળશે પોતાના સપનાનું ઘર. કેન્દ્રીય બજેટમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી ૨.૦ હેઠળ આવનારા ૫ વર્ષ માટે રૂ. ૨.૨ લાખ કરોડની કેન્દ્રીય સહાયની જોગવાઈ કરવામાં આવી છે.

### વધુ પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે આજે મોટું પગલું લીધું

## બજેટ-૨૦૨૪ : સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને સરકારનું મોટું ઈજન, એન્જલ ટેક્સ નાબૂદ

**સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને કરવા પ્રોત્સાહિત એન્જલ ટેક્સની નાબૂદીની નાણામંત્રીની જાહેરાત**

દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વધુ પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે આજે મોટું પગલું લીધું છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણે ૨૦૨૪-૨૫નું અંદાજ પત્ર રજૂ કરતી વખતે એન્જલ ટેક્સ નાબૂદ કરવાની જાહેરાત કરી હતી. નાણામંત્રીની આ જાહેરાતથી દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને બળ મળશે એટલું જ નહીં પરંતુ રોકાણકારોને પણ પ્રોત્સાહન મળશે. મંગળવારે લોકસભામાં બજેટ રજૂ કરતાં નાણાપ્રધાન સિતારમણે કહ્યું હતું કે, "ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહિત કરવા, ઉદ્યોગ સાહસિકોને ઉત્તેજન આપવા તથા ઈનોવેશનને સપોર્ટ કરવા માટે હું રોકાણકારોના તમામ વર્ગો પરનો કથિત એન્જલ ટેક્સ નાબૂદ કરવાની જાહેરાત કરું છું."

દેશમાં મૂડીરોકાણને પ્રોત્સાહન આપવાની કેન્દ્ર સરકારની નીતિના ભાગરૂપે આ પગલું લેવામાં આવ્યું છે. અહીં એ નોંધપાત્ર છે કે, ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, વેન્ચર કેપિટાલિસ્ટો તેમજ ઉદ્યોગકારો એન્જલ ટેક્સ અંગે આ બજેટમાં કોઈ સ્પષ્ટતા થાય તેની રાહ જોઈ રહ્યા હતા. અને તેમની અપેક્ષા કેન્દ્ર સરકારે પૂર્ણ કરી છે.

### ભાજપ યુવા મોરચા નેતા વિકાસ આહીરનું નામ ખૂલ્યું

# સુરતમાં હોટલમાંથી મળેલ ડ્રગ્સ મામલામાં ભાજપનો નેતા સામેલ હોવાનો ઘટસ્ફોટ

## ડ્રગ્સ મંગાવનારા પૈકી સુરતની ખટોદરા કોલોની, શાસ્ત્રીનગરમાં રહેતો વિકાસ આહિર ભાજપ યુવા મોરચાનો સક્રિય કાર્યકર છે

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરત ઓયો હોટલમાંથી એમ.ડી ડ્રગ્સ સાથે પકડાયેલા યુવાનના નિવેદનમાં ડ્રગ્સ ગોરખધંધામાં ભાજપનો યુવા મોરચાનો સક્રિય કાર્યકર તેમજ હિંદુ યુવા વાહિની સુરત પ્રમુખ વિકાસ આહીર સામેલ હોવાનું બહાર આવ્યું છે. વિકાસ ગૃહરાજ્ય મંત્રીના મતવિસ્તાર મજુરા વિસ્તારમાં કાર્યકર છે. આ ડ્રગ્સ ડિલરના ગૃહમંત્રી, પ્રદેશ પ્રમુખ, લિંબાયતના ધારાસભ્ય, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી સાથેની તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. જ્યારે ટેગલાઈનો અપાઈ છે, સાવધાન ભાજપને ઓળખો. આ ડ્રગ્સ ડિલર છે.

ગુજરાતમાં તમામ અપરાધીઓ ભાજપના કાર્યકર્તા છે.ડ્રગ્સ મંગાવનારા પૈકી સુરતની ખટોદરા કોલોની, શાસ્ત્રીનગરમાં રહેતો વિકાસ આહિર ભાજપ યુવા મોરચાનો સક્રિય કાર્યકર છે. ગુજરાતના ગૃહમંત્રીના મજુરા વિધાનસભા વિસ્તારમાં કાર્યરત છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સંસ્થા હિંદુ યુવા વાહિનીના સુરત પ્રમુખ છે. ડ્રગ્સ ડિલરનું ભાજપ સાથે કનેક્શન બહાર આવતા સોશિયલ મીડિયા પર વિકાસ આહીરના મંત્રી, પ્રદેશપ્રમુખ, ધારાસભ્ય સાથેના તસવીરો વાયરલ થયા છે. ડ્રગ્સ ડિલરના ભાજપના ઉચ્ચ નેતાઓ સાથે શું સબંધો છે? તેવા પ્રશ્નો ઉઠ્યા છે. આપના મનોજ સોરઠીયાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં ટેગલાઈનો આપી છે.

ગુજરાતમાં તમામ અપરાધીઓ ભાજપ ના કાર્યકર્તા છે. ગુજરાતમાં હિંદુ યુવા પેઢીને ખતમ કરવાનું કાવતરૂ ખુદ ભાજપના નેતાઓ ડ્રગ્સ વેચીને કરે છે. કહેવાતા નકલી ભાજપી હિંદુઓને ઓળખો'ભાજપના યુવા મોરચાના કાર્યકર વિકાસ આહીર સામે ડ્રગ્સનો ગુનો નોંધાયો છે. એટલું જ નહીં શહેરમાં છ પોલીસ મથકમાં અલગ અલગ ગુના નોંધાયેલા છે. જેમાં ગોડાદરા પોલીસ સ્ટેશનમાં લૂંટ, સલાબતપુરામાં મારા મારી, ઉમરામાં રાયોટીંગ, લિંબાયતમાં રાયોટીંગ, ઉધનામાં મારા મારી, અમરોલીમાં અપહરણ અને સરકારી કામગીરીમાં અડચણના ગુના નોંધાયા છે. આવા અસામાજીક તત્ત્વ સાથે ભાજપના નેતાઓના ફોટો વાયરલ થતા ચકચાર મચી છે.મળતી માહિતી અનુસાર, એસઓજીની ટીમે મળેલી બાતમીના આધારે ૨૧મી જુલાઈ ઉધના દરવાજા સાર કોપીરેટ સેન્ટરના સાતમા માળે આવેલી હોટલ ઘી ગ્રાન્ડ વીલા ઈનમાં દરોડા પાડ્યા હતા. જેમાં રાજસ્થાનથી કાર લઈને સુરત એમ.ડી.ડ્રગ્સની ડિલિવરી કરવા આવેલા ચેતન શાહુને ઝડપી લીધો હતો. એસઓજીએ આ અંગે સલાબતપુરા પોલીસ મથકમાં ગુનો નોંધી બાદમાં ડ્રગ્સ મંગાવનાર અનિષ ખાન અને વિકાસ આહીરને પણ ઝડપી લીધા હતા. એસઓજીએ તેમની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે સુરત પોલીસની ભીંસને લીધે તેમણે હવે મુંબઈને બદલે રાજસ્થાનથી ડ્રગ્સ ઘુસાડવાનું શરૂ કર્યું હતું. જોકે, તેમનો પહેલો પ્રયાસ જ પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો. અનિષ ખાન અને વિકાસ આહીર સ્નેપચેટ અને ઈન્સ્ટાગ્રામ મારફતે ચેતનનો સંપર્ક કરી ડ્રગ્સનો ઓર્ડર આપતા હતા.

## ગુજરાતના પ્રવાસે આવેલા ભૂતાન નરેશને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છની ચાર સદી જૂની કળાની કલાકૃતિ ભેટ સ્વરૂપે આપી



ભૂતાનના રાજા મહામહિમ જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક અને વડાપ્રધાન શેરિંગ તોબગે હાલ ગુજરાતના ૩ દિવસીય પ્રવાસ પર છે. તેમના આ પ્રવાસ દરમિયાન તેઓ ગઈકાલે એટલે કે ૨૨ જુલાઈના રોજ ગાંધીનગર પધાર્યા હતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીએ ભૂતાનના રાજવી અને વડાપ્રધાનના સન્માનમાં ગાંધીનગરની હોટલ ધ લીલા ખાતે સ્નેહ ભોજનનું આયોજન કર્યું હતું. મુખ્યમંત્રીએ ભૂતાનના રાજવીને ભેટરૂપે કચ્છની વિશ્વ પ્રસિદ્ધ રોગન કલાની પ્રતિકૃતિ તેમજ ભુજોડીની શાલ ગુજરાત પ્રવાસની સ્મૃતિરૂપે ભેટ આપી હતી. ભુજોડી વણાટકળા રાજ્યના કચ્છ જિલ્લાના ભુજોડી ગામની પ્રખ્યાત પરંપરાગત હસ્તકલા છે.

## ઝાલોદ ખાતે મુક બધીર દિવ્યાંગ ઉમેદવારો માટે રોજગાર ભરતી મેળો, સ્વરોજગાર માર્ગદર્શન અને અનુબંધમ નામ નોંધણી કેમ્પ યોજાશે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

દાહોદ જીલ્લા રોજગાર કચેરી દ્વારા ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા (ડીસેબીલીટી) ધરાવતા માત્ર ડેફ એન્ડ મ્યુટ (મુક બધીર)દિવ્યાંગતા ધરાવતા સ્વતંત્ર અવર-જવર કરી શકે તેમજ હાથથી કામ કરી શકે તેવા ૧૮ થી ૪૦ વર્ષના ધો.૮ પાસ, ૧૦ પાસ, આઈ.ટી.આઈ., ૧૨ પાસ જેવી લાયકાત ધરાવતા દિવ્યાંગ ભાઈઓ અને બહેનો માટે તા.૨૫.૦૭.૨૦૨૪ ના સવારે ૧૦.૦૦ વાગે જે. આર. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદ ખાતે રોજગાર ભરતી મેળો યોજવામા આવશે.

આ ભરતી મેળામાં, પી.જી.પી. ગ્લાસ પ્રા. લી. જંબુસર અને કોસંબા, કોસંબા ગ્લાસ ડેકો ગ્લાસ પ્રા. લી., જરોદ તેમજ અંશા ડેકો ગ્લાસ પ્રા. લી.ની શોર્ટર, પેકર અને હેલ્પર જેવી ૧૦૦ જેટલી જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ લેવામા આવશે. ભરતી મેળામાં ઉમેદવારોને સ્વરોજગાર લોન સહાય તેમજ એન.સી.એસ., ડી.એ. અમદાવાદ અને વડોદરા દ્વારા દિવ્યાંગ ઉમેદવારો માટે ચાલતા ફ્રી વોકેશનલ તાલીમ કોર્ષ અંગે માર્ગદર્શન પણ આપવામા આવશે. ઉપરાંત રોજગારલક્ષી ઓનલાઈન અનુબંધમ પોર્ટલ પર નામ નોંધણી કેમ્પ યોજવામા આવશે. મુક બધીર ઉમેદવારોને ભરતી મેળામાં ભાગ લેવા રોજગાર અધિકારી દાહોદની યાદીમા જણાવવામાં આવ્યું છે.

## થરા નગરપાલિકા વિસ્તારમાં ઠેર ઠેર કચરાના ઢગલા, ઉકરડા રખડતાં ઢોરોના ત્રાસથી લોકો ત્રાહિમામ

। (પ્રતિનિધી) થરા, તા.૨૩ ।

થરા નગરપાલિકાના વિસ્તારમાં રખડતા ગાયો આખલાઓને કારણે લોકો ઘરની બહાર બાળકો વૃદ્ધોને મોકલતા ગભરાઈ રહયા છે. થરા નગર પાલિકા વિસ્તારમાં સોથી વધુ આખલા ગાયોનું ઝુંડ શૈક્ષણીક સંસ્થાઓ બસ સ્ટેશન પાસે રીતસરનો આતંક મચાવે છે પાલીકા તંત્રએ આજ સુધી કોઈ જ કાર્યવાહી નહી કરતા દર અઠવાડિયે દશ દિવસે બહારના લોકો આખલા ગાયોનો જથ્થો ઉતરી જાય છે.આખા નગર પાલિકા વિસ્તારમાં બસો ત્રણસો થી વધુ રખડતાં આખલા ગાયોના ટોળાએ ટ્રાફિકની વિકટ સમસ્યા ઊભી કરીછે તો કેટલાક શાકભાજીના વેપારીઓ કહેવાતા જીવદયા પ્રેમીઓ જાહેર રોડ, પ્રાથમિક માધ્યમિક શાળાઓ પાસે સડેલાં શાકભાજી કે સુકો લીલો ઘાસચારો નાખે છે જેના કારણે આ અબોલ જીવો તે ઘાસ ચારાને લીધે અખો દિવસ જાહેર રોડ શૈક્ષણીક સંસ્થાઓ પાસે તોફાને ચડી રાહદારીઓ ટુ વ્હીલર ચાલકો વિદ્યાર્થી ભાઈ બહેનો ભોગ બને છે બીજી તરફ નગર પાલિકાના સ્લીમ વિસ્તાર એવા વજેગઢ, ઈન્દિરાનગર, પારસનગર, ઝાપટપુરા, અમરાણીવાસ, ઉગમણા વાસ જેવા વિસ્તારમાં ઠેર ઠેર ગટરો ઉભરાય છે, ચાંદીપુરા વાયરસનાં કહેરને ધ્યાનમાં રાખીને થરા અર્બનના આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા વારંવાર નગરપાલિકાને લેખિત જાણ કરવા છતાં પણ આજ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

### પોસ્ટ વિભાગની શ્રાવણ માસમાં ભક્તોને મોટી ભેટ

# હવે ઘરે બેઠા મળશે સોમનાથ આદિ જ્યોતિર્લિંગ મંદિરનો પ્રસાદ

**મંદિરનો પ્રસાદ શ્રાવણમાં તમારા ઘરે પહોંચાડશે જો કે આ માટે તમારે ૨૭૦ રૂપિયાનો ઈ-મની ઓર્ડર કરવાનો રહેશે**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।


શ્રાવણ માસમાં શિવ ઉપાસનાનો વિશેષ મહિમા છે. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે ભગવાન શિવના જ્યોતિર્લિંગ સ્વરૂપના દર્શન કરી આશીર્વાદ અને પ્રસાદ મળે. પરંતુ કેટલાક ભક્તો ઈચ્છા હોવા છતાં દર્શન કરી શકતા નથી. હવે આવા ભક્તોએ નિરાશ થવાની જરૂર નથી. ટપાલ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, લોકો દેશના કોઈપણ ખૂણે ઘરે બેસીને ગુજરાતના જૂનાગઢ જિલ્લાના પ્રભાસપાટણ સ્થિત શ્રી સોમનાથ આદિ જ્યોતિર્લિંગ મંદિરનો પ્રસાદ મેળવી શકશે. આ માટે પોસ્ટલ વિભાગે શ્રાવણ મહિનામાં ખાસ વ્યવસ્થા કરી છે. ઉપરોક્ત માહિતી અમદાવાદ પ્રદેશના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે આપી હતી. પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે કહ્યું કે પોસ્ટલ વિભાગ શ્રી સોમનાથ મંદિરનો પ્રસાદ શ્રાવણમાં તમારા ઘરે પહોંચાડશે. જો કે આ માટે તમારે ૨૭૦ રૂપિયાનો ઈ-મની ઓર્ડર કરવાનો રહેશે. પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે શ્રી સોમનાથ ટ્રસ્ટે ભક્તોને તેમના ઘરે બેસીને પ્રસાદ આપવા માટે ભારતીય ટપાલ વિભાગ સાથે કરાર કર્યો છે. આ કરાર હેઠળ, કોઈપણ ભક્ત મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો- જૂનાગઢ, ગુજરાત- ૩૬૨૨૬૮નો સંપર્ક કરી શકે છે. ૨૭૦ રૂપિયાનો ઈ-મની ઓર્ડર મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદનો ઓર્ડર કરી શકે છે. આ ઈ-મની ઓર્ડર પર "પ્રસાદ માટે બુકિંગ"નો ઉલ્લેખ કરવાનો રહેશે ત્યારબાદ શ્રી સોમનાથ ટ્રસ્ટ સંબંધિત ભક્તને ૪૦૦ ગ્રામ પ્રસાદનું પેકેટ સ્પીડ પોસ્ટ દ્વારા મોકલશે. હિંદુ પરંપરામાં શ્રાવણ મહિનાને વધુ પવિત્ર માનવામાં આવે છે. શ્રાવણ મહિનામાં ભગવાન શિવની ઉપાસનાનું માહાત્મ્ય છે. આ મહિનામાં અનેક શ્રદ્ધાળુઓ બાર જ્યોતિર્લિંગના દર્શન કરવા પણ જતા હોય છે. જો કે સંજોગોવશાત જે શ્રદ્ધાળુઓ જ્યોતિર્લિંગના દર્શન કરવા ના જઈ શકે તેમને પણ મંદિરના પ્રસાદનો વિશેષ લાભ મળશે. ગુજરાતના સોમનાથ મંદિરનો સમાવેશ બાર જ્યોતિર્લિંગમાં થાય છે. આગામી સમયમાં ગુજરાતમાં શ્રાવણ મહિનાની શરૂઆત થવાની છે ત્યારે પોસ્ટ વિભાગ દ્વારા ભક્તોને ખાસ સુવિધા આપવામાં આવી છે. જે શ્રદ્ધાળુઓ સોમનાથ જ્યોતિર્લિંગના દર્શન કરવા ના જઈ શકે તેઓ ઓનલાઈન દર્શન કરી શકે છે પરંતુ તેમને પ્રસાદનો લાભ મળતો નથી. તેવામાં પોસ્ટવિભાગની પહેલ દ્વારા ભક્તો સોમનાથ જ્યોતિર્લિંગનો પ્રસાદ ઘરે બેઠા મેળવી શકશે.

### મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોને સૌથી વધુ ફાયદો થશે

## અમદાવાદમાં લાગ્યા ઈમરજન્સી કોલ બોક્સ, બટન દબાવતાં જ પોલીસ મદદે આવશે

। અમદાવાદ, તા.૨૩ ।

શહેરમાં મહિલાઓની સુરક્ષા મુદ્દે પોલીસ સક્રિય થઈ ગઈ છે. શહેરમાં કેટલાક થાંભલાઓ પર લગાવવામાં આવેલા બોક્સ નજરે પડી રહ્યાં છે. આ બોક્સની સામે ઉભા રહીને લોકો વાતો કરી રહ્યાં છે. આ જોઈને ત્યાંથી પસાર થતાં અનેક લોકોના મનમાં સવાલ થઈ રહ્યો છે કે આ શું છે. હવે અમદાવાદમાં તમારી સાથે કોઈ અનિચ્છનિય ઘટના બને તો વધારે ચિંતા કરવાની જરૂર નથી.પોલીસ નાગરિકોને દરેક સ્થિતિમાં મદદ કરવા માટે તૈયાર છે.તમારે ઈમરજન્સી કોલ બોક્સમાં ઈન્સ્ટોલ કરેલું બટન દબાવવું પડશે અને પોલીસ તમારી મદદ માટે આવશે. શહેરમાં ૨૦૫ વિસ્તારોમાં ઈમરજન્સી કોલ બોક્સ લગાવવામાં આવ્યા છે.




૨૦૫ વિસ્તારોમાં ઈમરજન્સી કોલ બોક્સ લગાવવામાં આવ્યા

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના સ્પેશિયલ પોલીસ કમિશનર અજય કુમાર ચૌધરીએ જણાવ્યું કે, મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટે અમે ૨૦૫ વિસ્તારોમાં ઈમરજન્સી કોલ બોક્સ લગાવ્યા છે. જો કોઈને કોઈ સમસ્યાનો સામનો કરવો પડે તો તેઓ આ બોક્સના બટનને દબાવી શકે છે અને પોલીસ કંટ્રોલ રૂમને વીડિયો કૉલ કરશે અને પોલીસ તરત જ મદદ માટે આવશે. આ એક દ્વિ-માર્ગી સંચાર વ્યવસ્થા છે. આ 'નિર્ભયા સેફ સિટી' પ્રોજેક્ટ હેઠળની પહેલ છે. આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ફંડ આપ્યું છે. અમને દરરોજ સરેરાશ ૫૦ કોલ આવે છે.

## ખંભાતમાં ACBએ કાર્યવાહી કરતાં ૧ લાખની લાંચ લેતા એક શખ્સને ઝડપી પાડ્યો

। (એજન્સી) આણંદ, તા.૨૩ ।

આણંદના ખંભાતમાં ACBની સફળ ટ્રેપ. સિટી સર્વે ઓફિસ ખંભાતમાં ACBએ કાર્યવાહી કરતાં ૧ લાખની લાંચ લેતા એક શખ્સને ઝડપી પાડ્યો. ગુપ્ત બાતમીના આધારે ACBકાયદેસરની કાર્યવાહી હાથ ધરતા એ. એસ.પારેખ નામનો સુપ્રિટેન્ડેન્ટને લાંચ લેતા ઝડપી પાડ્યો. સુપ્રિટેન્ડન્ટ એ. એસ.પારેખે પોઝીટીવ અભિપ્રાય માટે ૧લાખની લાંચ માંગી હતી. પોલીસ રંગેહાથ સુપ્રિટેન્ડન્ટને ઝડપી પાડતા તેની અટકાયત કરી આગળ કાયદેસર કાર્યવાહી કરશે. પ્રાપ્ત વિગત મુજબ એ.સી.બીને એક ફરિયાદ મળી હતી. જે મુજબ ફરિયાદીએ ખંભાત નગરપાલીકાના હસ્તકની સરકારી જમીન વેચાણથી ખરીદ કરવા સારૂ કલેકટર આણંદની કચેરી ખાતે ઓનલાઈન અરજી કરેલ હતી. જે પ્રક્રિયા સંદર્ભે કલેકટર આણંદની કચેરી તરફથી અરજીમાં જણાવેલ જમીનના રેકર્ડની ચકાસણી કરી સરકારના નિયમો અનુસાર જરૂરી દસ્તાવેજો તૈયાર કરી સ્પષ્ટ અભિપ્રાય સાથે દરખાસ્ત કરવા સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટની કચેરી ખંભાતનાઓને સુચના કરેલ. જે જમીન ફરીયાદીના મિત્રને વેચાણ લેવા સારુ તેની દરખાસ્ત તૈયાર કરાવવા તથા હકારાત્મક અભિપ્રાય અપાવવા માટે આ કામના આરોપીએ ફરીયાદી પાસે રૂ.૧,૦૦,૦૦૦/- ની લાંચની માગણી કરેલ. પરંતુ ફરીયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોય એ.સી.બી નો સંપર્ક કરતા ફરીયાદના આધારે આજે ૨૩ જુલાઈ ના રોજ લાંચના છટકુંનું આયોજન કર્યું હતું.

આ છટકા દરમ્યાન આરોપીએ હેતુલક્ષી વાતચીત કરી, ફરીયાદી પાસેથી લાંચના નાણાની માગણી કરી રૂ. ૧,૦૦,૦૦૦/ લીધા. પોતાના સરકારી અધિકારીના હોદ્દાનો દુરઉપયોગ કરવા બદલ સુપ્રિટેન્ડન્ટ એ.એસ.પારેખની અટકાયત કરવામાં આવી.

મહત્વનું છે કે હજુ એક મહિનો થયો નથી ત્યાં ACBએ આ બીજી મોટી સફળ ટ્રેપ કરી. થોડા દિવસ પહેલા જ આણંદમાં જ એસ.સી.બી શાખામાં ફરજ બજાવનાર એક કોન્સ્ટેબલ ૭૦ હજારની લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કોન્સ્ટેબલે એક મહિલા બુટલેગર પાસેથી ૭૦ હજારની લાંચ લઈ રહ્યો હતો ત્યારે ACBએ છટકું ગોઠવી તેને પકડી પાડ્યો. જયારે આ ગુનામાં સામેલ અન્ય એક હેડ કોન્સ્ટેબલ ફરાર થઈ ગયો.

ACBએ ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન હેઠળ અનેક વખત કોન્સ્ટેબલથી લઈને અધિકારીઓને રંગેહાથ ઝડપી પાડયા છે. પોતાની કાયદાકીય કામગીરીમાં ACB અનેક વિસ્તારોમાં વોચ ગોઠવે છે અને તેના આધારે છટકું ગોઠવી ગુનેગાર અને તેમને સાથે આપનાર પોલીસકર્મીઓને પણ ઝડપી પાડે છે. તાજેતરમાં પણ ACBએ સફળ ટ્રેપમાં સુપ્રિટેન્ડન્ટને ૧ લાખ રૂપિયાની લાંચ મામલે ઝડપી પાડી ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨